Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૮

## વીરનો માર્ગ

અહો, અંદરથી શ્રદ્ધાના રણકાર કરતો આત્મા જાગી જાય–એવો આ વીરમાર્ગ છે. જેમ રણે ચડેલા રાજપૂતની વીરતા છાની ન રહે, તેમ ચૈતન્યની સાધનાના પંથે ચડેલા ને વીરપ્રભુના માર્ગે વળેલા ધર્માત્માની વીરતા છાની રહે નહિ; એનો વૈરાગ્ય, એની શ્રદ્ધાનુ જોર, એનો સ્વભાવનો પ્રેમ એનો આત્માનો ઉત્સાહ–એ બધું મુમુક્ષુથી છાનું ન રહે. જ્ઞાનીની દશા ખરેખર અદ્‌ભુત છે.

卐 卐 卐

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩, આસો (લવાજમઃ ત્રણ રૂપિયા) વર્ષ ૨૪: અંક ૧૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




# આવી રહ્યો છે-મુક્તિનો મહોત્સવ

આસો વદ અમાસ...દીપાવલી...એટલે ભગવાન મહાવીરની મુક્તિનો મંગલ મહોત્સવ. ભગવાન મહાવીર એ દિવસે મોક્ષ પામ્યા...અનાદિ સંસારનો અંત થઈને અભૂતપૂર્વ એવી સિદ્ધદશાનો પ્રભુજીને પ્રારંભ થયો...અહા ધન્ય તે સમય...ધન્ય તે આત્મદશા ! એ આત્મદશાને અભિનંદવા કરોડો જીવો દેવો ને મનુષ્યો પાવાપુરીમાં આવી પહોંચ્યા...લાખો દીપકોની માળાવડે એ પાવાપુરી ઝગમગી ઊઠી...એટલે ભગવાનની મુક્તિના આ મંગલ ઉત્સવનું નામ પડયું 'દીપ–માલિકા' .

દીપમાલિકા–દીપાવલી એ ભારતનું ને તેમાંય જૈનધર્મનું વિશિષ્ટ પર્વ છે. એ પુનિતપર્વ આપણને ભગવાનના મોક્ષગમનનું સ્મરણ કરાવે છે, સિદ્ધપદની ભાવના જગાડે છે. ને ભગવાનના પંથને તાજો કરીને તે માર્ગે જવાની પ્રેરણા આપે છે. અહા, જે માર્ગે અમારા ભગવાન સિદ્ધાલયમાં સિદ્ધાવ્યા તે જ માર્ગે અમે પણ સિદ્ધપદને સાધીએ,–આવી અંતરની ઉર્મિપૂર્વક ભક્તજનો પ્રભુના મોક્ષનો મહોત્સવ ઉજવે છે.

"ભગવાન તો મોક્ષ પધાર્યા, એટલે ભરતક્ષેત્રને તો તીર્થંકરનો વિરહ પડયો...અને છતાં એનો ઉત્સવ !!"–હા...પણ એ કાંઈ ભગવાનના વિરહનો ઉત્સવ નથી, એ તો મોક્ષની પ્રાપ્તિનો ઉત્સવ છે.. તેમાં પોતાના મનોરથ પ્રત્યેના ઉલ્લાસનો આનંદ છે. સાધકનો મનોરથ છે–સિદ્ધપદ. એ સિદ્ધપદના સ્મરણ માત્રથી પણ સાધકનું અંતર પુલકિત બને છે. તો ભગવાનને એવું સિદ્ધપદ પામતાં દેખીને એને આનંદ કેમ ન થાય ! ને એ સિદ્ધપદની અનુમોદનારૂપે તે ઉત્સવ કેમ ન ઊજવે ! એ સાધકના જ્ઞાનહૃદયમાં સિદ્ધપદ કોતરાઈ ગયું છે...સાધકના જ્ઞાનમાં સર્વજ્ઞનો કદી વિરહ નથી.

આ રીતે સિદ્ધપદને અભિનંદવાનું ને મોક્ષનો ઉત્સવ ઉજવવાનું મહાપર્વ નજીક આવી રહ્યું છે... આપણે પણ રત્નત્રયના પવિત્ર દીવડા પ્રગટાવીને એ મંગલ પર્વ ઉજવીએ...ને વીરપ્રભુના મોક્ષપંથે જઈએ. जय महावीर.

卐

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા


દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
આસો

* વર્ષ ૨૪ : અંક ૧૨ *



卐 શ્રી મહાવીર ભગવાન ( પાવાપુરી )

( આ વર્ષે ફાગણ માસમાં ગુરુદેવ સાથે આપણે જેમની આનંદકારી યાત્રા કરી )

**હે વીરનાથ ભગવાન! શુદ્ધઆત્માની ઉપાસના વડે રત્નત્રયરૂપ જે માર્ગે આપ અનંત સુખધામ એવા સિદ્ધપદને પામ્યા...ને અમને પણ જે માર્ગ ઉપદેશ્યો તે માર્ગને અનુસરીને અમે પણ આપના પગલે પગલે આપની પાસે સિદ્ધાલયમાં આવીએ...એવી ભાવનાપૂર્વક આપને નમસ્કાર કરીએ છીએ.**

# * ખરેખરો જ્ઞાયકવીર *

( સંતોએ અંતરમાં શ્રુતજ્ઞાનના સાદ પાડીને કેવળજ્ઞાનને બોલાવ્યું છે. )

ચૈતન્યસાધનાના પંથે ચડેલા સાધકને જગતની કોઈ પ્રતિકૂળતા ડગાવી શકતી નથી કે મુંઝવી શકતી નથી. નિજ–આત્માને દૃષ્ટિમાં લઈને તેમાં લીનતા વડે જેણે શાંતદશા પ્રગટ કરી, તેની શાંતિને જગતના મહાસંવર્તક–વાયરા પણ ડગાવી શકે નહીં. અત્યારે પંચમકાળની પ્રતિકૂળતાના ઘણા પ્રસંગો હોવાથી તેના સમાધાન માટે બહુ અટકવું પડે છે એટલે અત્યારે આત્માની સાધના થઈ શકતી નથી,– આમ કોઈ કહે તો કહે છે કે અરે ભાઈ ! એવું નથી; અત્યારે પણ પ્રતિકૂળતાના ગંજ વચ્ચેય આત્માની પવિત્ર આરાધનાવાળા ને જાતિસ્મરણજ્ઞાનવાળા આત્માઓ અહીં નજરે દેખાય છે; જગતની કોઈ પ્રતિકૂળતા એમને આરાધનામાં નડતી નથી. અંતર્મુખ થઈને ચૈતન્યગૂફામાં જે પ્રવેશી ગયા તેમને ચૈતન્યગૂફામાં વળી પ્રતિકૂળતા કેવી ? કોઈ પ્રતિકૂળતાના ભાર નથી કે ચૈતન્યની અંદર પ્રવેશી શકે. ચૈતન્યસિંહની શૂરવીરતા સામે પ્રતિકૂળતા તો ન ટકે, પરભાવો પણ ન ટકી શકે.–

“બહિરભાવો તે સ્પર્શે નહીં આત્મને,
ખરેખરો એ જ્ઞાયકવીર ગણાય જો.”

ચૈતન્યસિંહ જ્ઞાયકવીર પોતાના પરાક્રમની વીરતાથી જ્યાં જાગ્યો ત્યાં તેની પર્યાયના વિકાસને કોઈ રોકી શકે નહીં. અહો, સન્તોએ આત્મશક્તિનાં આવા રહસ્યો ખોલીને ગજબ કામ કર્યા છે...ને મુમુક્ષુ જીવો ઉપર મહા ઉપકાર કર્યો છે. એમણે તો અંતરમાં શ્રુતજ્ઞાનના સાદ પાડીને કેવળજ્ઞાનને બોલાવ્યું છે, શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો તે શ્રુતજ્ઞાન જ સાચું નથી. જ્યાં પોતાના સર્વજ્ઞસ્વભાવમાં સ્વસન્મુખ થતું શ્રુતજ્ઞાન જાગ્યું ત્યાં સર્વજ્ઞપદ પ્રગટયા વગર રહે નહિ. આવા સ્વભાવને જાણતાં જીવને સમ્યગ્દર્શન થાય ને સ્વસન્મુખ થઈને તે વેલોવેલો મોક્ષમાં જાય.

卐

# આત્માનો સ્વાધીન સ્વભાવ

## આત્માના કારણ–કાર્ય પોતામાં છે, પર સાથે કારણ–કાર્યપણું નથી

( લેખાંક બીજો ગતાંકથી ચાલુ )

હે જીવ ! તારે જે સમ્યગ્દર્શનાદિ કાર્ય કરવું છે, તે કાર્યનું કારણ તારામાં છે, પરમાં તેનું કારણ નથી; પરવસ્તુ તારા કાર્યને કરતી નથી, ને તું પરના કાર્યને કરતો નથી. આ રીતે અકારણકાર્યસ્વભાવ પર સાથે કારણ–કાર્યપણાની બુદ્ધિ છોડાવીને આત્માનો સ્વાધીન સ્વભાવ બતાવે છે, ને સ્વસન્મુખતા કરાવે છે. સ્વસન્મુખ થતાં જ સમ્યક્ત્વાદિ કાર્ય પ્રગટી જાય છે. આ સંબંધી પ્રવચન ગતાંકમાં પ્રગટ થયું છે, અહીં તેનો બીજો ભાગ રજૂ થાય છે.

મહાત્મા કહે છે કે અરે આત્મા ! ભગવાન તીર્થંકરદેવે આવો આત્મા જાણીને કહ્યો છે, સંતોએ પોતાના અંતરમાં આવો આત્મા અનુભવ્યો છે. તારા આવા આત્માને ભૂલીને તું ચાર ગતિમાં રખડયો ને તેં મહા દુઃખ ભોગવ્યા. તારો સ્વભાવ મોટો છે ને તારા દુઃખની વીતકકથા પણ મોટી છે; તે દુઃખ મટાડવાની, ને આત્મસુખ પ્રાપ્ત કરવાની આ વાત છે. તારા સ્વ–વૈભવને સંભાળતાં તેમાં દુઃખ કયાંય છે જ નહીં. જૈનશાસનમાં વીતરાગી સન્તોએ આવા આત્મવૈભવની પ્રસિદ્ધિ કરી છે.

* * *

અનેકાન્તસ્વરૂપ આત્માની અકારણ–કાર્યશક્તિ એમ બતાવે છે કે તારું કાર્ય કરવા માટે પર સાથે કાંઈ સંબંધ નથી; જ્ઞાનસ્વરૂપ આત્મામાં પોતામાં એવી તાકાત છે કે પોતાના કાર્યનું કારણ પોતે જ થાય. આત્મામાં એવો સ્વભાવ છે કે તેનું કાર્ય બીજાથી કરાતું નથી, ને પોતે બીજાના કાર્યનું કારણ થતો નથી. પર સાથે જેને કર્તાકર્મની કે કારણ–કાર્યની બુદ્ધિ

છે તેને તો પોતાના અકર્તા-જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી. જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે ત્યાં પર સાથે કર્તૃત્વબુદ્ધિ રહે નહીં. આત્મામાં જે અનંત ગુણો છે તે બધાય પોતપોતાનું કાર્ય કરે છે, કોઈનું કાર્ય પરથી થતું નથી. હું કારણરૂપ થઈને પરનાં કામ કરું ને પર ચીજને મારા કાર્યનું કારણ બનાવું-એમ અજ્ઞાની માને છે, તેને પોતાના કે પરના સ્વભાવની ખબર નથી, આત્માનો વૈભવ તેણે જોયો નથી.

આત્માનો સ્વભાવ સમુદ્ર જેવો ગંભીર છે. અનંત ગુણનો વૈભવ તો આત્મા સિવાય બીજા જડ પદાર્થોમાં પણ છે, પણ તે પદાર્થોને પોતાના વૈભવની ખબર નથી; તેમના વૈભવને પણ જાણનારો તો આત્મા છે. આત્મા પોતાના જ્ઞાનવૈભવ વડે સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનવૈભવ મહાન છે, તે સારરૂપ છે, તેને જાણતાં પરમ સુખ થાય છે.

નિજગુણનો વૈભવ ધરનાર આત્મા શું કરે? ને કઈ રીતે તેનું કાર્ય થાય તેની અજ્ઞાનીને ખબર નથી. આત્માના નિજગુણનું કાર્ય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વગેરે નિર્મળ પર્યાયો, તે અન્યથી થતા નથી એટલે બીજો તેનું કારણ નથી. તેમજ તે સમ્યગ્દર્શનાદિ પ્રગટીને બીજામાં કાંઈ કરી દ્યે એવું પણ તેનામાં નથી. આ રીતે આત્મા બીજાનું કાર્ય નથી, ને પોતે બીજાનું કારણ નથી. અજ્ઞાની પરથી કાર્ય થવાનું માને છે,-માને ભલે પણ તેમ થતું નથી. એ જ રીતે પરના કાર્ય કરવાનું માને છે, માને ભલે પણ કરી શકતો નથી. નથી થતું છતાં માને છે-તે અજ્ઞાન છે. પોતાની અવસ્થાનું કાર્ય પરથી થવાનું માને છે ત્યાંસુધી તે પરની સામે જ જોયા કરે છે. પરમાંથી તેની દ્રષ્ટિ (-એકત્વબુદ્ધિ) હટતી નથી ને તેનું મિથ્યાત્વ મટતું નથી. મારા આત્માની કોઈ શક્તિ કે તેની અવસ્થા પરથી થતી નથી, ને પરમાં કાંઈ કરતી નથી, પરની સાથે મારે કાંઈ જ કારણ-કાર્યપણું નથી-એમ પોતાના સ્વભાવનો નિર્ણય કરે તો પરમાંથી દ્રષ્ટિ હટીને સ્વભાવ તરફ વળે, એટલે સ્વભાવનું નિર્મળ કાર્ય (સમ્યગ્દર્શનાદિ) પ્રગટે, ને મિથ્યાત્વ ટળે.

'જ્ઞાનમાત્ર ભાવ' કહેતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો જેટલો સમૂહ લક્ષિત થાય છે તે બધોય એક આત્મા છે. અકારણ-કાર્ય સ્વભાવ પણ તેમાં સમાઈ જાય છે. પણ રાગ તેમાં સમાતો નથી. કેમકે રાગાદિભાવો કાંઈ જ્ઞાનલક્ષણ વડે

લક્ષિત થતા નથી. 'જ્ઞાનમાત્ર' લક્ષણવડે તો નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાયો જ લક્ષિત થાય છે. રાગ તે જ્ઞાનનું કાર્ય નથી. 'જ્ઞાન' નું કાર્ય તો જ્ઞાનરૂપ હોય. સંવર–નિર્જરા–મોક્ષરૂપ નિર્મળપર્યાય સહિતના આત્માને જ 'આત્મા' કહ્યો છે, જ્ઞાનમાત્ર આત્મામાં તેના અનંતા નિર્મળ ગુણ–પર્યાયો સમાય છે, પણ રાગાદિ ભાવો તેમાં સમાતા નથી. જ્ઞાનલક્ષણ દ્વારા આવું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવીને શુદ્ધઆત્મા લક્ષગત કરાવ્યો છે. ભાઈ, પોતાના જ અંતરમાં લક્ષગત થઈ શકે એવી આ વસ્તુ છે. પોતાના અંતરમાં જે વૈભવ ભર્યો છે તેનું જ આ વર્ણન છે. અરે, ચૈતન્યદરબારમાં કેવો અચિંત્ય ચૈતન્યવૈભવ અંદર ભર્યો છે! તે સન્તોએ બતાવ્યો છે. અહો! આવા નિજવૈભવને કોણ ન દેખે? કોણ ન લ્યે? કોણ ન અનુભવે? હે જીવો! તમે તમારા આવા આત્મવૈભવને દેખો, અનુભવો; તમને પરમ આનંદ થશે.

પોતે સર્વજ્ઞ જેટલા વૈભવથી પૂરો પરમાત્મા છે; રાગાદિ વિકલ્પ તે તેનું મૂળસ્વરૂપ નથી; છતાં ભ્રમથી તે વિકલ્પને નિજસ્વરૂપ માની રહ્યો છે. એ ભ્રમ પણ તેનું મૂળસ્વરૂપ નથી. એટલે સાચી ઓળખાણ વડે તે ભ્રમ ટળી જાય છે. ભ્રમ ટળતાં ભાન થાય છે કે હું તો જ્ઞાન છું. વિકલ્પ વડે મારું જ્ઞાનકાર્ય થતું નથી. જ્ઞાનને ને વિકલ્પને કારણ–કાર્યપણું નથી.

આત્માને પરની સાથે જરાપણ કારણ–કાર્યપણું નથી. ત્યારે કોઈ એમ કહે છે કે, દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે એટલે તેમાં તો બીજા વડે કાંઈ ન થાય, પણ પર્યાય તો નવી નવી ઉત્પન્ન થાય છે એટલે કે બીજા વડે કરાય, કેમકે તે કાર્ય છે, ને કાર્ય કદી કારણ વગર હોતું નથી!

તો અહીં આચાર્યદેવ કહે છે કે ભાઈ! તને આત્માના અકારણ–કાર્યસ્વભાવની ખબર નથી. અકારણ કાર્યસ્વભાવ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપક છે, એટલે જેમ દ્રવ્ય–ગુણ અન્ય વડે કરાતા નથી તેમ તેની પર્યાય પણ અન્યવડે કરાતી નથી. દ્રવ્ય–ગુણ અન્ય વડે ન થાય ને પર્યાય અન્ય વડે થાય–એમ માને તો તેણે અકારણ–કાર્ય શક્તિને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપક ન માની. પણ, જેમ આત્મામાં જ્ઞાનશક્તિ હોવાથી તેના દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેય જ્ઞાનમય છે, તેમ આત્મામાં અકારણ–કાર્યશક્તિ હોવાથી તેના

દ્રવ્યગુણ ને પર્યાય ત્રણેય અન્ય વડે કરાતા નથી. પર્યાય કાર્ય છે–એ ખરું, પણ તેથી કાંઈ તે બીજાવડે કરાય છે–એમ નથી. કાર્ય કદી કારણ વગર ન હોય,–પણ તે કારણ પોતામાં કે પરમાં? કાર્ય પોતામાં ને કારણ પરમાં–એમ હોય નહિ. જો કારણ પરમાં હોય તો તે કાર્ય પોતાનું ન રહ્યું પણ પરનું થઈ ગયું. પોતાના કાર્યનું કારણ પોતામાં જ છે, પરની સાથે તેને કારણ–કાર્યપણું નથી, એવો જ વસ્તુનો સ્વભાવ છે.

વળી, જે નિર્મળજ્ઞાનાદિ કાર્ય છે તેનું કારણ રાગ પણ નથી. જો રાગ તેનું કારણ હોય તો તે જ્ઞાન આત્માનું કાર્ય ન રહ્યું પણ તે રાગનું કાર્ય થઈ ગયું. કારણ અને કાર્ય એક જાતના હોય, વિરુદ્ધ જાતના ન હોય, તેમજ કારણ અને કાર્ય એક વસ્તુમાં જ હોય. ભિન્ન–ભિન્ન વસ્તુમાં ન હોય; આ વસ્તુસ્વભાવના ત્રિકાળી નિયમો છે, તેને કોઈ ફેરવી શકે નહીં.

દ્રવ્ય–ગુણ તો પરથી ન થાય ને પર્યાય પરથી થાય–એમ તું કહે છે, પણ ભાઈ! દ્રવ્ય–ગુણમાં તો કાર્ય થવાપણું છે જ કયાં? કાર્ય થવાપણું તો પર્યાયમાં જ છે. તે પર્યાયને પર સાથે કારણ–કાર્યપણું નથી–એવો આત્માનો સ્વભાવ છે. તે પર્યાયનું કારણ આત્મામાં જ છે. આત્માનો આનંદસ્વભાવ છે એટલે તે આનંદની પર્યાય પરથી ન થાય; પરવસ્તુ કારણ થઈને આત્માને આનંદ આપે એમ કદી બનતું નથી. એ જ રીતે જ્ઞાન પણ આત્માનો સ્વભાવ છે. તે જ્ઞાનની પર્યાય પરથી ન થાય; પરવસ્તુ કારણ થઈને આત્માના જ્ઞાનકાર્યને ઉપજાવે એમ કદી બનતું નથી. એ રીતે આત્માના અનંતગુણમાંથી એક્કેય ગુણનું કાર્ય પરથી થતું નથી. તથા ગુણની પર્યાય પ્રગટીને પરમાં કાંઈ કરે એમ બનતું નથી, આ રીતે ભગવાન આત્માના આનંદમાં જ્ઞાનમાં શ્રદ્ધામાં કયાંય પરનુ કાર્ય નથી; આત્મા પરદ્રવ્ય વગર એકલો પોતાનું કાર્ય કરી શકે છે. આ રીતે ધર્મીજીવ પોતાના કાર્ય માટે પોતાની સામે જુએ છે ને સ્વાશ્રયે નિર્મળકાર્ય પ્રગટ કરે છે.

જોકે રાગાદિ વિકારમાં પણ પરનું કારણપણું નથી; પણ અત્યારે આત્માની શક્તિના વૈભવની વાત છે એટલે તેમાં નિર્મળકાર્યની જ વાત આવે, વિકારની વાત એમાં ન આવે. વૈભવમાં વિભાવ નથી. જગતમાં

દરેક વસ્તુ પોતપોતાના કાર્ય સહિત જ વર્તી રહી છે. કોઈ વસ્તુ એવી કાર્યવગરની નથી કે બીજો તેનું કાર્ય કરે. વસ્તુ પોતે પોતાના કાર્ય સહિત જ છે, પછી બીજો તેનું કાર્ય કરે એ વાતને અવકાશ જ કયાં છે?

જો આત્મા પરનાં કાર્ય કરે તો પોતાનું કામ કરવા નવરો ક્યારે થાય?

અને જો આત્માનું કાર્ય બીજો કરે તો પોતે પોતાનું હિત કયારે કરે?

અરે, તું પોતે અનંતશક્તિસમ્પન્ન ભગવાન, ને તારું કાર્ય બીજો કરે? શું તું એવો શક્તિહીન છો કે તારા કાર્યને પોતે ન કરી શકે? સ્વાધીનપણે બીજા કોઈની મદદ વગર જ તું પોતે પોતાનું કાર્ય (કેવળજ્ઞાન અને સિદ્ધપદ) કરવાની તાકાતવાળો છે. તું પોતે ભગવાન, ને તારે પરની ઓશીયાળ હોય? શક્તિરૂપ પોતાના ભગવાનસ્વભાવને જે માને તે વ્યક્તિથી પ્રગટ પરમાત્મા થઈ જાય; તેમાં પોતાની શક્તિ સિવાય કોઈ બીજા કારણની જરૂર નથી.

રાજા રામ જેવા મહાપુરુષ ધર્માત્મા છ માસ સુધી લક્ષ્મણના મૃત શરીરને સાથે લઈને ફર્યા, તે વખતેય એ ધર્માત્માને અંતરમાં નિજવૈભવનું ભાન હતું, લક્ષ્મણ પ્રત્યેના રાગની સાથેય પોતાના સ્વભાવનું કારણ–કાર્યપણું સ્વીકારતા ન હતા. અને એ વખતે રામચંદ્રજીના બે કુમારો સંસારથી વિરક્ત થઈને રજા માંગે છે કે હે પિતાજી! આ અસાર સંસારથી હવે અમારું મન વિરક્ત થયું છે. અમે હવે પરમ સારભૂત અમારા અસંયોગી તત્ત્વને સાધવા જઈએ છીએ. આ દુઃખમય સંસારનો નાશ કરનાર ને પરમ આનંદને ઉપજાવનાર એવો જે અમારો ચૈતન્યસ્વરૂપ આત્મા, તેને સાધવા અમે જઈએ છીએ. અમે હવે નિજવૈભવને સાધશું ને સિદ્ધની પંક્તિમાં જઈને રહીશું. અમારા અંતરમાં અમારો નિજવૈભવ અમે સ્વાનુભવદ્વારા જોયો છે. જોયેલા વૈભવને હવે અમે અંતરમાં એકાગ્ર થઈને સાધશું. આમ કહીને, પિતાજીને પ્રણામ કરી તેઓ વનમાં ચાલ્યા ગયા, ને મુનિ થઈને આત્મધ્યાનવડે કેવળજ્ઞાનને સાધ્યું, પછી પાવાગઢથી સિદ્ધપદને પામ્યા. આવી શક્તિ દરેક આત્મામાં છે ને દરેક આત્મા આવા નિજપદને સાધી શકે છે. સીતાજી જેવા પણ અગ્નિપરીક્ષા પછી સંસાર છોડીને આવા નિજપદને સાધવા વૈરાગ્યથી ચાલી નીકળ્યાઃ અરે! આવો સંસાર! તેનાથી હવે બસ થાઓ...બસ થાઓ.

અહા, અંતરના ભાનપૂર્વક આવા વૈરાગ્યભાવથી સીતાજી જ્યારે માથાના વાળનો લોચ કરીને દીક્ષિત થતા હશે ત્યારે એ દેખાવ કેવો હશે!! રામ તો મુર્છિત થઈ જાય છે, પ્રજાજનો હા-હાકાર કરતા રડે છે...ને સીતાજી સંસારથી ઉદાસ થઈને અર્જિકા બને છે. સીતાજી પ્રત્યેના રાગથી મુર્છિત થયા તે વખતેય રામચંદ્રજી અંતરની આત્મશક્તિના ભાનમાં છે, તે વખતેય નિજશક્તિને ભૂલ્યા નથી, ને મોહનો જરાક વિકલ્પ વર્તે છે તેને આત્મશક્તિનું કાર્ય ખરેખર માનતા નથી; તે વખતેય તેમનો આત્મા નિર્મળભાવોના જ કારણ-કાર્યરૂપે પરિણમી રહ્યો છે.-આ તો મોટા પ્રસિદ્ધ પુરુષોનાં નામ લઈને દ્રષ્ટાન્ત આપ્યા. બાકી તો બધાય ધર્માત્માના અંતરમાં આવું જ પરિણમન વર્તી રહ્યું છે. ભગવાન આત્મા અંતર્દ્રષ્ટિથી દ્રવ્ય-ગુણ-પર્યાયની એકતારૂપ પરિણમ્યો ત્યાં સ્વકારણથી નિર્મળપર્યાય જ પરિણમે છે; તેમાં બીજા કોઈ સાથે કારણ-કાર્યપણું નથી. નિર્મળભાવરૂપે પરિણમતો તે આત્મા જ્યાં વિકારકાર્યનો પણ કર્તા નથી ત્યાં પરનો કર્તા તો કયાંથી થાય? આત્માને પરની સાથે કારણ-કાર્યપણું તો ત્રણકાળમાં નથી, માત્ર પ્રમાતા-પ્રમેયપણાનો સંબંધ છે તે વાત હવેની (પંદરમી) શક્તિમાં બતાવશે.

દેહ કે ભાષાની ક્રિયા તેનો કર્તા આત્મા નથી, તેનું કારણ આત્મા નથી; ઇચ્છાનું કારણ થવાનો સ્વભાવ પણ આત્માની શક્તિમાં નથી. આવા આત્માનું ભાન થતાં પરના કાર્યમાંથી દ્રષ્ટિ છૂટી જાય છે, ને સ્વકાર્યના કારણરૂપ નિજસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય છે એટલે સમ્યગ્દર્શન વગેરે નિર્મળ કાર્ય થાય છે. ભાઈ! આત્માની શાન્તિ માટે તારા આવા સ્વભાવને દ્રષ્ટિમાં લે. તારી શાંતિ માટે કોઈ પરદ્રવ્ય તને કારણ થાય-એમ નથી. તારો આનંદસ્વભાવ જ તારી શાંતિનું કારણ છે, તારો આનંદસ્વભાવ દુઃખને કે રાગને ઉત્પન્ન કરે નહિ, તેમજ રાગ તારા આનંદને ઉત્પન્ન કરી શકે નહીં. તારો આનંદ, તારી શાંતિ કે જ્ઞાન તે કાર્યમાં તારી બીજા કોઈની જરૂર નથી. તારી શાંતિ વગેરે પરના અકાર્ય-અકારણરૂપ છે, પરનું જરાપણ કાર્ય-કારણપણું તેમાં નથી.

પોતાના આવા સ્વભાવને દ્રષ્ટિમાં લેતાં પર્યાયમાં જ્ઞાનાદિનું નિર્મળ પરિણમન પ્રગટયું, ત્યારે તેમાં આત્મા પ્રસિદ્ધ થયો, અને ત્યારે જ ખરેખર આત્માને જાણ્યો ને અનુભવ્યો કહેવાય. શક્તિ જો નિર્મળ પર્યાયરૂપ ન પરિણમે

તો તેનું કાર્ય શું? શક્તિનું નિર્મળ કાર્ય પર્યાયમાં પ્રગટે છે, તેને પરની સાથે કારણ–કાર્યપણું નથી. વસ્તુનો સ્વભાવ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપક છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સત્ છે. દ્રવ્ય–ગુણનો લાભ પર્યાયમાં આવે ત્યારે દ્રવ્યની સાચી શ્રદ્ધા કહેવાય. આવી શ્રદ્ધા તે મોક્ષનું બીજ છે. નિર્મળ પર્યાયપૂર્વક જ દ્રવ્ય પ્રતીતમાં આવે છે. એકલી મલિનતારૂપે પરિણમતો હોય ને તે પર્યાયમાં દ્રવ્યની પ્રતીત થઈ જાય–એમ બનતું નથી. મલિનતામાં એવી તાકાત નથી કે શુદ્ધ દ્રવ્યસ્વભાવને ઝીલી શકે. સ્વસન્મુખ થયેલી નિર્મળ પર્યાયમાં જ એ તાકાત છે. દ્રવ્યસન્મુખ થઈને તેને પ્રતીતમાં લેતાં જ પર્યાય નિર્મળ થઈ જાય છે.

શુદ્ધદ્રવ્ય અમને પ્રતીતમાં આવ્યું છે પણ પર્યાયમાં શુદ્ધતા જરાય દેખાતી નથી, એમ કોઈ કહે તો તેની વાત ખોટી છે. શુદ્ધદ્રવ્યની તેની પ્રતીત પણ કલ્પનારૂપ છે. શુદ્ધદ્રવ્ય પ્રતીતમાં લ્યે ને પર્યાયમાં તેની પ્રસિદ્ધિ (પરિણમન) ન થાય એમ બને નહીં. નિર્મળ પર્યાય વગર દ્રવ્યને પ્રતીતમાં લીધું કોણે? નિર્મળપર્યાય વગરનું એકલું દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી. સ્વસન્મુખ થઈને શુદ્ધઆત્માની પ્રતીત કરતાં નિર્મળ પર્યાયપણે આત્મા પરિણમી જાય છે, એટલે અનંત ગુણનો વૈભવ કોઈના કારણ–કાર્ય વિના જ પ્રસિદ્ધ થાય છે.

*

## सन्तकी पहचान मुझे आनन्द देती है।

હે ચૈતન્યદ્રષ્ટિધારક સમ્યગ્દ્રષ્ટિ સંત! તારી અંતરદ્રષ્ટિ કોઈ અનેરી છે, તારી આત્મપરિણતિની રીત અટપટી છે; ઇન્દ્રિયથી અગોચર એવી તારી અંતરપરિણતિની ઓળખાણ બાહરની દ્રષ્ટિવડે થતી નથી, એકલી બહારની ચેષ્ટાઓવડે તારી અંતરદ્રષ્ટિના ભાવો ઓળખાતા નથી. ગૃહવાસમાં વસતા છતાં તારી આત્મસ્પર્શી પરિણતિ ગૃહથી અલિપ્ત છે. બહારના સંયોગમાં કદાચ અસાતાજન્ય દુઃખ દેખાય પણ તારી અંતરપરિણતિ તો ચૈતન્યના સુખરસને ગટગટાવી રહી છે. તારી પરિણતિમાં વિકારથી જુદી જ એક ઉપશાંત–જ્ઞાનધારા સદાય વર્તી રહી છે,–જેના બળે તું સંયોગથી ને વિભાવોથી સદાય અલિપ્ત રહે છે. વાહ રે વાહ, સંત! તારી અંતરની એ ધારાને ઓળખાતાં મારો આત્મા પણ જાણે સર્વે પરભાવોથી જુદો પડી જાય છે...ને આનંદની મધુર ઉર્મિઓ જાગે છે.–તારા ચરણમાં બહુ ભક્તિથી મારો આત્મા નમી પડે છે.

# અનેકાન્તનું રહસ્ય

## ( અનેકાન્તજ્ઞાનનું ફળ સ્વભાવસન્મુખતા )

( લેખાંક બીજો, ગતાંકથી ચાલુ )

"અનેકાન્તિકમાર્ગ પણ સમ્યક્–એકાન્ત એવા નિજપદની
પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા–અન્ય હેતુએ ઉપકારી નથી."

શ્રીમદ્ રાજચંદ્રજીના ઉપરોક્ત વાકયમાં રહેલા જૈનસિદ્ધાંતના ઊંડા રહસ્યને પૂ. શ્રી કાનજીસ્વામીએ પ્રવચનમાં પ્રગટ કર્યું છે. સં. ૨૦૦૬ ના મહા વદ ત્રીજે પૂ. ગુરુદેવ જ્યારે મોરબીથી વવાણીયા પધાર્યા તે વખતે 'શ્રીમદ્ રાજચંદ્ર–જન્મસ્થાનભુવન' માં થયેલું આ પ્રવચન છે. આગામી માસમાં તેઓશ્રીની 'જન્મશતાબ્દિ' આવી રહી છે ત્યારે તેમના વચન ઉપર તેમની જન્મભૂમિમાં જ થયે આ પ્રવચન સર્વે જિજ્ઞાસુઓને આનંદિત કરશે. 'અનેકાન્ત' નું રહસ્ય ન સમજવાને કારણે સમન્વય વગેરેના નામે જે ગોટાળા ચાલે છે તે દૂર કરીને, અનેકાન્ત દ્વારા નિજપદની પ્રાપ્તિ કરવાનું તાત્પર્ય સમજાવ્યું છે. તેમાં, શુદ્ધતા–અશુદ્ધતા, તથા ઉપાદાન–નિમિત્ત એ બંને પ્રકારનું અનેકાન્તજ્ઞાન કયારે સાચું કહેવાય તે વાત ગંતાકમાં આવી ગઈ છે. હવે નિશ્ચય–વ્યવહાર તથા દ્રવ્ય–પર્યાય સંબંધી અનેકાન્તનું રહસ્ય સમજાવીને, તેનું જ્ઞાન ક્યારે સાચું થાય તે બતાવે છે. ( બ્ર. હ. જૈન )

અખંડ ચૈતન્યસ્વભાવ તરફ વળતાં પહેલાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર કેવા છે ને તેઓ આત્માનું સ્વરૂપ કેવું કહે છે?–એવો પરસન્મુખ વિચાર હોય છે, તેમાં સાથે શુભરાગ છે; પણ તે શુભરાગ તરફનું લક્ષ છૂટીને ભગવાને બતાવેલા પોતાના અખંડ જ્ઞાયકસ્વભાવ તરફ વળ્યા વિના નિશ્ચય–વ્યવહાર બંનેનું યથાર્થ જ્ઞાન થતું નથી. નિશ્ચયસ્વભાવ તરફ ઢળતાં રાગાદિ વ્યવહારનો આશ્રય તૂટે ત્યારે અનેકાંત થાય છે. અખંડ જ્ઞાનસ્વભાવ તે નિશ્ચય, અને શુભરાગ તે વ્યવહાર નિશ્ચયજ્ઞાનસ્વભાવ તરફ વળતાં સ્વ–પરપ્રકાશક જ્ઞાનસામર્થ્ય ખીલ્યું, તે જ્ઞાન શુભરાગને વ્યવહાર તરીકે જાણી લ્યે છે.

( ૧ ) સમજવા ટાણે પર્યાયમાં અશુદ્ધતા હોય છતાં સ્વભાવ શુદ્ધ છે, તે શુદ્ધસ્વભાવનો આશ્રય કરે તો સમજાય.

( ૨ ) ઉપાદાનની સમજવાની તૈયારી વખતે નિમિત્ત હોય છે, પણ સમજનાર પોતે છે. –એમ જાણીને, નિમિત્તનું લક્ષ છોડીને ઉપાદાન તરફ વળે તો યથાર્થ સમજાય.

( ૩ ) સત્ સમજવાની પાત્રતા વખતે શુભરાગરૂપ વ્યવહાર હોય, પણ તે વ્યવહારના આશ્રયે કલ્યાણ નથી. તે વ્યવહારનો આશ્રય છોડીને, પરમાર્થ–સ્વભાવનો આશ્રય કરે તો સત્ સમજાય.

–એ પ્રમાણે બબ્બે પડખાં જાણીને એક સ્વભાવ તરફ વળે ત્યારે અનેકાંત થાય છે; બંનેને પકડી રાખે તો અનેકાંત થતું નથી. અજ્ઞાનીઓ અનેકાંતના નામે ઝઘડા કરે છે. પણ અહીં ‘સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય કોઈ હેતુએ અનેકાંતમાર્ગ ઉપકારી નથી’ એમ કહીને તે બધા ઝઘડાનો નિકાલ કરી નાંખ્યો છે.

( ૧ ) જીવ સમજે ત્યારે અશુદ્ધતા હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી, પણ શુદ્ધસ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે.

( ૨ ) જીવ સમજે ત્યારે શુભરાગ–વ્યવહાર હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી પણ રાગરહિત નિશ્ચયસ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે.

સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનદ્વારા જગતના પદાર્થોને જેમ છે તેમ જાણીને, વસ્તુના અનેક ધર્મોનું વર્ણન કર્યું છે.

( ૧ ) ત્રિકાળી શુદ્ધ ને વર્તમાન અશુદ્ધતા.

( ૨ ) ઉપાદાન પોતાની તાકાતથી સમજે અને તે વખતે પર નિમિત્ત હોય પણ તે કાંઈ કરે નહિ.

( ૩ ) સમજવા ટાણે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા વગેરે શુભરાગરૂપ વ્યવહાર હોય, પણ ધર્મ તો નિશ્ચયભાવના આશ્રયે જ થાય છે.

–એ પ્રમાણે બબ્બે પડખાં હોવા છતાં, અશુદ્ધતા–નિમિત્ત કે રાગ હું નહિ, શુદ્ધ ઉપાદાન–નિશ્ચયસ્વભાવ તે હું–એવી શ્રદ્ધા કરીને સ્વાશ્રયભાવ પ્રગટ કરવો તે ધર્મ છે. અનેકાંતિક માર્ગ હોવા છતાં સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ માટે જ તે ઉપકારી છે. બબ્બે બોલ હોવા છતાં, તેને જાણીને એક શુદ્ધ–નિશ્ચય તરફ વળે તેનું નામ સમ્યક્ એકાંત છે.

શુદ્ધતા અને અશુદ્ધતા બંને હોવા છતાં જો શુદ્ધસ્વભાવ ઉપર દ્રષ્ટિ નહિ કરે તો અશુદ્ધતાને જાણશે કોણ? ઉપાદાન અને નિમિત્ત બંને હોવા છતાં, ઉપાદાન તરફ વળ્યા વગર નિમિત્તનુ યથાર્થ જ્ઞાન કરશે કોણ? શુદ્ધસ્વભાવ અને રાગ, અથવા નિશ્ચય અને વ્યવહાર બંને હોવા છતાં, નિશ્ચયસ્વભાવ તરફ દ્રષ્ટિ કર્યા વગર વ્યવહારને વ્યવહાર કહેશે કોણ? નિર્મળ સ્વભાવ તરફના વલણ

વગર સ્વ-પરને જાણવાનો વિવેક ઉઘડશે નહીં. અભેદ સ્વભાવ તરફ ઢળવું તે જ અનેકાંતનું પ્રયોજન છે. અભેદ સ્વભાવ તરફ ઢળવું એમ કહો કે 'સમ્યક્ એકાંત' કહો, તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

અહીં 'સમ્યક્ એકાંત' કહીને નિમિત્ત, રાગ અને વ્યવહારને ઉડાડી દીધા છે અર્થાત્ તે હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ નથી પણ નિજસ્વભાવના આશ્રયે જ કલ્યાણ છે એમ સમજાવ્યું છે. દયા, દાન કે વ્રત વગેરે શુભરાગ તે દુઃખ છે-આકુળતા છે. અને હિંસા, વિષય-કષાય વગેરે અશુભ લાગણીઓ તીવ્ર દુઃખ છે-આકુળતા છે. તે શુભ-અશુભ લાગણીઓ આત્માની અવસ્થામાં થાય છે ખરી, પણ તે ત્રિકાળી સ્વરૂપ નથી. અવસ્થામાં પુણ્ય-પાપ ને અજ્ઞાન છે, તેની જો ના પાડે તો સમજવાનો પ્રયત્ન કરવાનું રહે નહિ; અને ત્રિકાળી સ્વભાવમાં તે પુણ્ય-પાપ કે અજ્ઞાન નથી-એમ જો ન સમજે તો ત્રિકાળી સ્વભાવના આશ્રય વગર પુણ્ય-પાપ વગેરે ટળે નહીં. વ્યવહાર, નિમિત્ત ને રાગ છે તેની જ્ઞાનીઓ ના નથી પાડતા, પણ તેના વડે ધર્મ થશે, કે તે કરતાં કરતાં ધર્મ થશે-એમ માનવાની ના પાડે છે.

જીવોએ આ વાત કદી રુચિપૂર્વક સાંભળી નથી. સંસારમાં જીવે અનંત મનુષ્યભવ કર્યા અને સત્ સંભળાવનાર જ્ઞાની અનંતવાર મળ્યા, સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્માની સભામાં જઈને દિવ્યધ્વનિ સાંભળ્યો પણ અંતરમાં નિજપદને પામવાની લાયકાત પોતે પ્રગટ કરી નથી. નિજપદને ભૂલીને પરપદમાં જ અટકી ગયો છે. કાં તો આત્માને એકાંત શુદ્ધ જ માન્યો, કાં સર્વથા અશુદ્ધ માની લીધો, કાં નિમિત્તથી કલ્યાણ થશે એમ માન્યું, કાં વ્યવહારના આશ્રયથી લાભ માનીને રાગમાં જ અટકયો. પણ રાગ અને નિમિત્ત વગરના નિજસ્વભાવ તરફ કદી વલણ કર્યું નહિ. સ્વભાવ તરફ ઢળતો નિશ્ચય છે; પર તરફ ઢળતો વ્યવહાર છે. વસ્તુનો સ્વભાવ તે ઉપાદાન છે અને પર સંયોગ તે નિમિત્ત છે.

(૧) અવસ્થામાં અશુદ્ધતા હોવા છતાં આત્મા સ્વભાવથી શુદ્ધ છે.

(૨) પર નિમિત્ત હોવા છતાં આત્મા સ્વસંવેદ્ય છે.

(૩) રાગ-વ્યવહાર હોવા છતાં નિશ્ચયના અવલંબને ધર્મ છે. માટે હે ભાઈ!

તું શુદ્ધસ્વભાવસન્મુખ થઈને તેનું જ્ઞાન કર તો તારું જ્ઞાન અશુદ્ધતાને યથાર્થ જાણશે.

સ્વ-ઉપાદાનની દ્રષ્ટિ કર તો પર નિમિત્તને જોવાની આંખ ઉઘડશે.

સ્વભાવસન્મુખ થઈને નિશ્ચય પ્રગટ કર તો વિભાવને-વ્યવહારને જાણવાની તાકાત ખીલશે. અને-

(૪) દ્રવ્ય તથા પર્યાય એવા બે બોલ છે; તેમાં દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ કર તો પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય.

આ પ્રમાણે શુદ્ધ અને અશુદ્ધ, ઉપાદાન અને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર તથા દ્રવ્ય અને પર્યાય–એવા ચાર જોડકાના આઠ બોલ થયા; આ આઠે બોલ જાણવા જેવા છે, પણ તે જાણીને એક સ્વભાવ તરફ વળ્યા વિના અનેકાંતનું સાચું જ્ઞાન થતું નથી. શુદ્ધસ્વભાવ કહો, ઉપાદાન કહો, નિશ્ચય કહો કે દ્રવ્ય કહો,–તે તરફ ઢળ્યા વગર અશુદ્ધતાનું–નિમિત્તનું–વ્યવહારનું કે પર્યાયનું યથાર્થ જ્ઞાન થતું નથી. અનેકાંતનું ફળ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ છે–એટલે સમ્યક્ એકાંત એવા નિજપદ તરફ ઝુકયા વગર યથાર્થ અનેકાંત હોય નહીં.

'મૂળ માર્ગ રહસ્ય' કાવ્યમાં શ્રીમદ્ કહે છે કે–

છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ...મૂળ૦
એમ જાણે સદ્ગુરુ–ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ...મૂળ૦

અંતર્સ્વભાવ તરફ વળીને જ્ઞાતા આનંદકંદ ત્રિકાળ ઉપયોગસ્વરૂપ અવિનાશી આત્માનું જ્ઞાન કરે તેને જ અહીં સમ્યગ્જ્ઞાન કહ્યું છે. પર્યાય અને નિમિત્ત વગેરેને જ જાણવામાં રોકાય પણ સ્વસન્મુખ થઈને શુદ્ધ સ્વભાવને ન જાણે તો સમ્યગ્જ્ઞાન થાય નહીં.

વળી સમ્યગ્દર્શનસંબંધમાં કહે છે કે–

જે જ્ઞાને કરીને જાણીયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત...મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકીત...મૂળ૦

ઇન્દ્રિયોથી કે રાગથી જાણવાની વાત ન કરી, પણ જ્ઞાનથી જાણવાની વાત કરી. ઇન્દ્રિયો અને રાગના અવલંબન વગર અતીન્દ્રિય જ્ઞાનવડે જે આત્મસ્વભાવને જાણ્યો તેની શુદ્ધ પ્રતીતિ વર્તે છે, તેનું નામ સમ્યગ્દર્શન છે. પહેલાં નિમિત્તરૂપે જ્ઞાનીનો ઉપદેશ હોય છે ખરો, પણ તે ઉપદેશવડે આત્મા જણાય છે એમ નથી. જ્ઞાનીનો ઉપદેશ સાંભળીને પછી સ્વસન્મુખ અતીન્દ્રિયજ્ઞાનવડે પોતે એમ સમજ્યો કે અહો! હું આત્મા અખંડ ઉપયોગી અવિનાશી છું. તે નિમિત્તથી જાણ્યું નથી, રાગથી જાણ્યું નથી, વ્યવહારથી કે ભેદથી જાણ્યું નથી, પણ સ્વતરફ વળતા જ્ઞાનથી જાણ્યું છે. જુઓ, શ્રીમદ્ના આ કાવ્યમાં કેટલું રહસ્ય ભર્યું છે! કોઈ રેકર્ડની જેમ માત્ર શબ્દ બોલી જાય, પણ તેથી કાંઈ અંદરનો આશય સમજમાં આવે નહિ. જેમ રેકર્ડ બોલે છે પણ તે રેકર્ડને હૃદય નથી, તેમ અજ્ઞાનીઓ ભાષા ગોખીને રેકર્ડની જેમ બોલી જાય, પણ અંદરમાં તેને ભાવની સમજણ નથી. પહેલાં અજ્ઞાનપણે બીજી રીતે જાણવાનું માનતો હતો.–શાસ્ત્રથી, ઇન્દ્રિયોથી કે રાગથી

જાણવાનું માનતો હતો તેથી અહીં કહ્યું કે 'જ્ઞાને કરીને જાણીયું રે...'–શું જાણ્યું? હું શુદ્ધ ઉપયોગસ્વરૂપ અવિનાશી આત્મા છું–એમ જાણ્યું; અને એમ જાણ્યું એટલે, 'હું રાગી છું, હું પર નિમિત્તથી સમજાું છું' એવી જે મિથ્યામાન્યતા હતી તે ટળી ગઈ. અને અવસ્થામાં રાગાદિ હોવા છતાં તેટલો જ પોતાને ન સ્વીકારતાં 'હું શુદ્ધ ઉપયોગમય શાશ્વત છું–એમ સ્વીકારીને પોતાના સ્વભાવ તરફ વળ્યો, એટલે બંને પડખાનું જ્ઞાન થઈને સ્વસન્મુખતારૂપ સમ્યક્ એકાંત થયું. રાગ અને જ્ઞાનસ્વભાવ બંનેને જાણ્યા ખરા, પણ રાગ તે હું નહિ ને જ્ઞાન તે જ હું–એમ જ્ઞાન તરફ ઢળતાં સમ્યક્ એકાંત થયું.

નીચલી અવસ્થામાં રાગ તદ્ન ટળી જતો નથી, રાગાદિ ભાવો થાય છે ખરા. પણ તે રાગાદિ હોવા છતાં તેનાથી આત્માને જાણ્યો નથી, પણ જ્ઞાનથી જ જાણ્યો છે. રાગથી જુદો પડીને જ્ઞાનને પોતાના સ્વભાવમાં એકત્વ કર્યું તે સમ્યક્ એકાંત છે, તે મોક્ષમાર્ગ છે, તે ધર્મ છે. અવસ્થામાં રાગ છે, રાગના નિમિત્તો છે, વ્યવહાર છે, પરંતુ તે બધાને જાણીને શુદ્ધ અભેદ સ્વભાવ તરફ વળવું તે જ પ્રયોજન છે. અહીં શુદ્ધ–અશુદ્ધ, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર અને દ્રવ્યપર્યાય એવા ચાર પ્રકારે બબ્બે બોલ સમજાવીને આત્માને સ્વભાવની એકતા તરફ વાળ્યો છે.

અહીં કોઈ કહે કે આ બધા પ્રકારો જાણીને પછી શું કરવું? તો તેને એમ સમજાવ્યું છે કે આ બધું જાણીને સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરવા માટે–

(૧) અશુદ્ધતાનો આશ્રય છોડીને શુદ્ધ આત્માનો આશ્રય કરવો.

(૨) નિમિત્તના આશ્રયને છોડીને ઉપાદાનનો આશ્રય કરવો.

(૩) વ્યવહારનો આશ્રય છોડીને નિશ્ચયનો આશ્રય કરવો.

(૪) પર્યાયનો આશ્રય છોડીને દ્રવ્યનો આશ્રય કરવો.

વચ્ચે રાગ–નિમિત્ત કે વ્યવહાર ભલે હો, પણ ધર્મીનું વલણ તો શરૂઆતથી જ સમ્યક્ એકાંત એવા શુદ્ધપદની પ્રાપ્તિ ઉપર જ છે. સાધકદશાની શરૂઆતથી માંડીને પૂર્ણ પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સુધી આવું જ વલણ હોય છે. વચ્ચે રાગાદિ વ્યવહાર અને ભંગભેદ આવે તે જાણવા માટે છે, પણ તેમાં રુચિ કરીને અટકવા માટે તે નથી. આ પ્રમાણે નિત્ય–અનિત્ય, એક–અનેક, અભેદ–ભેદ વગેરે બધા બોલમાં સમજી લેવું. પૂર્ણ પરમાત્મપદ પ્રગટી ગયા પછી એક તરફ ઢળવાનું રહેતું નથી, તેમ જ તેમને નય પણ હોતો નથી; ત્યાં તો દ્રવ્ય–પર્યાય બંને અભેદ થઈને શુદ્ધપણે જ પરિણમી રહ્યા છે.

વસ્તુ અનંતગુણનો પિંડ છે. તે વસ્તુ તો

છે છે ને છે, ત્રિકાળ છે. તે વસ્તુ કાંઈ નવી પ્રાપ્ત થતી નથી; પરંતુ તેનું ભાન થઈને સમ્યગ્દર્શન– જ્ઞાન–ચારિત્રવડે પૂર્ણ પરમાત્મપદ પ્રગટે તેનું નામ નિજપદની પ્રાપ્તિ છે. ‘મૂળમાર્ગ’ માં કહે છે કે–

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ...મૂળ૦
તેહ મારગ જિનનો પામીયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ...મૂળ૦

જ્યારે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણે અભેદપરિણામે આત્મારૂપ વર્તે ત્યારે તે જીવ જિનનો માર્ગ પામ્યો એટલે કે નિજસ્વરૂપને પામ્યો. જિનનો માર્ગ કહો કે નિજસ્વરૂપ કહો–તે કાંઈ જુદા નથી. લોકો બહારમાં જિનનો માર્ગ માની બેઠા છે, પણ જિનનો મારગ બહારમાં નથી, પોતાનું આત્મસ્વરૂપ જે ભાવથી પમાય તે જ જિનનો માર્ગ છે.

૧– અવસ્થામાં અશુદ્ધતા હોવા છતાં શુદ્ધ ઉપર દ્રષ્ટિ,

૨– પર નિમિત્ત હોવા છતાં સ્વદ્રવ્યનો આશ્રય,

૩– વ્યવહાર હોવા છતાં નિશ્ચયનું અવલંબન,

૪– ક્ષણિક પર્યાયના ભેદો હોવા છતાં અભેદ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ, અથવા પર્યાયોની અનેકતા હોવા છતાં સ્વભાવની એકતાનો આશ્રય,

–આવો નિજપદની પ્રાપ્તિરૂપ સમ્યક્ એકાંત છે અને એની પ્રાપ્તિ કરાવવી તે જ અનેકાંતનું પ્રયોજન છે. નિશ્ચયના અવલંબનથી ધર્મ થાય ને વ્યવહારના અવલંબનથી પણ ધર્મ થાય–એનું નામ અનેકાંત નથી, તે તો મિથ્યા એકાંત છે. નિશ્ચયના આશ્રયે ધર્મ થાય ને વ્યવહારના આશ્રયે ધર્મ ન થાય–એવો અનેકાંત છે, અને તે જાણીને નિશ્ચય તરફ ઢળવું તેનું નામ સમ્યક્ એકાંત છે. મોક્ષમાર્ગમાં વચ્ચે ક્યાંય વ્યવહારનું અવલંબન છે જ નહીં. વચ્ચે વ્યવહાર હોવા છતાં તેના અવલંબને ધર્મ ટકતો નથી, મોક્ષમાર્ગ તો નિશ્ચયના અવલંબને જ ટકયો છે.

ભાઈ, શાસ્ત્રોમાં નિશ્ચયના તેમ જ વ્યવહારના, ઉપાદાનના તેમ જ નિમિત્તના, દ્રવ્યના તેમ જ પર્યાયના, અભેદના તેમ જ ભેદના તથા શુદ્ધના તેમ જ અશુદ્ધના કથનો ભલે હો, પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ એ જ સર્વનો સાર છે. એ બધું જાણીને જો સ્વભાવ તરફ ન વળે તો જીવને સમ્યગ્દર્શન પ્રગટે નહિ ને કલ્યાણ થાય નહિ. જો સ્વભાવની રુચિ ન કરે અને ભેદની વ્યવહારની–નિમિત્તની કે પર્યાયની રુચિ કરે તો મિથ્યા એકાંત થઈ જાય છે. શાસ્ત્રના લક્ષે અનેક પડખાં જાણીને જો સ્વભાવ તરફનું વલણ ન કરે તો જીવને શું લાભ ? નિજપદની પ્રાપ્તિ ન કરે તે જ્ઞાનને અનેકાન્ત કહેવાય નહીં.

હું જ્ઞાતા દ્રષ્ટા ત્રિકાળ છું, પૂર્ણાનંદ પ્રગટ

કરવાની તાકાત મારામાં ભરી છે, જ્ઞાનદર્શનની વીતરાગી ક્રિયાનો જ હું કર્તા છું, જડની ક્રિયાનો હું કર્તા નથી તેમ જ પુણ્ય–પાપ પણ મારી સ્વાભાવિક ક્રિયા નથી. કોઈ પર મને રખડાવતું નથી અને કોઈ પર મને સમજાવવાની તાકાતવાળું નથી. હું મારી ભૂલે રખડયો છું; ને મારા પુરુષાર્થે સાચી સમજણ કરીને મુક્તિ પામું છું. અનંત સર્વજ્ઞો–સંતો પૂર્વે થઈ ગયા, પણ હું મારી પાત્રતાના અભાવે ન સમજ્યો. મારા નિજપદની પ્રાપ્તિ સ્વસન્મુખ પુરુષાર્થથી થાય છે. વર્તમાનમાં હું મારા પૂર્ણાનંદમય સ્વપદની પ્રાપ્તિ કરવા માંગું છું તો તેવો પૂર્ણાનંદ પ્રગટ કરનારા અનંત જીવો પૂર્વે થઈ ગયા છે, અત્યારે વિચરે છે અને ભવિષ્યમાં પણ અનંત થશે. સર્વજ્ઞતા વગર પૂર્ણાનંદ ન હોય. સર્વજ્ઞતા પ્રગટ કરીને પૂર્ણાનંદ પામનારા જીવો સમ્યક્ એકાંત એવા નિજપદનો જ આશ્રય લઈને પામ્યા છે–પામે છે ને પામશે; એ સિવાય રાગ–નિમિત્ત કે વ્યવહાર–એ બધા પરપદ છે –તેના આશ્રયે કોઈ નિજપદને પામ્યા નથી–પામતા નથી ને પામશે નહીં. ત્રણેકાળે આ એક જ ભવના અંતનો ને મુક્તિની પ્રાપ્તિનો ઉપાય છે.

શ્રીમદ્ના વચનોમાં જ્યાં હોય ત્યાં ભવના અંતનો પડકાર છે; તેઓ લખે છે કેઃ–

'કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા–
નિગ્રંથનો પંથ ભવ–અંતનો ઉપાય છે.'

સ્વસન્મુખ થઈને સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરીને તેમાં લીનતા કરવી તે જ ભવના અંતનો ઉપાય છે. ભવના અંતનો પંથ કયાંથી શરૂ થાય ?–શું ભવના કારણનો આશ્રય લેવાથી ભવના અંતની શરૂઆત થાય ?–કે ભવરહિત સ્વરૂપનો આશ્રય લેવાથી ભવના અંતની શરૂઆત થાય ? ધર્મ માટે આત્માના સ્વભાવ સિવાય પરનો આશ્રય સ્વીકારવો તે બંધનો પંથ છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે–

જે જે કારણ બંધના તેહ બંધનો પંથ;
તે કારણ છેદકદશા મોક્ષપંથ, ભવ અંત.

શુભાશુભભાવની રુચિ ને પર્યાયબુદ્ધિ તે બંધનનો એટલે કે સંસારનો પંથ છે. અને તેનો છેદ તે ભવના અંતનો એટલે કે મોક્ષનો પંથ છે. પણ તેનો છેદ કઈ રીતે થાય ? 'આ શુભાશુભનો છેદ કરું' એમ તેની સામે જોયા કરવાથી (અર્થાત્ પર્યાયબુદ્ધિથી) તેનો છેદ થાય નહિ, પણ આત્માના શુદ્ધ ચૈતન્યસ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયબુદ્ધિનો અને રાગનો છેદ થઈ જાય છે–અર્થાત્ તેની ઉત્પત્તિ જ થતી નથી. એટલે શુદ્ધ ચૈતન્યસ્વભાવની રુચિ કરીને તેમાં એકાગ્રતા કરવી તે જ મોક્ષનો ને ભવના અંતનો પંથ છે.

શાસ્ત્રોમાં નિશ્ચય તેમ જ વ્યવહાર બંનેની વાત છે, પણ મોક્ષને માટે આશ્રય તો એક

નિશ્ચયનો જ બતાવ્યો છે. જ્ઞાન કરવા માટે પર ચીજ છે ખરી, પણ કલ્યાણ તો સ્વના આશ્રયે જ થાય છે. અભેદના આશ્રયે–નિશ્ચયના આશ્રયે–શુદ્ધદ્રવ્યના આશ્રયે–અથવા તો શુદ્ધ ઉપાદાનના આશ્રયે કલ્યાણ છે, એ સિવાય ભેદના આશ્રયે–વ્યવહારના આશ્રયે–પર્યાયના આશ્રયે કે નિમિત્તના આશ્રયે કલ્યાણ નથી. શાસ્ત્રોમાં નિશ્ચય–વ્યવહાર વગેરે બબ્બે પડખાનું જ્ઞાન કરાવ્યું છે, પણ તે બે પડખાંને જાણીને એક તરફ વળવા માટે આ ઉપદેશ છે.

બાહ્યસંયોગ અને નિમિત્તો હો ભલે, પણ તે આત્માના ધર્મનું સાધન નથી. અરે પ્રભુ! તું ચૈતન્યભગવાન એવો નમાલો નથી કે તને પર સંયોગની અનુકૂળતાએ લાભ થાય. તારા કલ્યાણને માટે પરના આશ્રયની જરૂર પડે એવું તારું સ્વરૂપ નથી. નિમિત્ત ભલે હો પણ તે તારા આત્માથી પર છે. અને નિમિત્તને લક્ષે વ્યવહાર–શુભરાગ–થાય તે પણ તારા સ્વભાવથી પર છે, એ પ્રમાણે જાણીને સ્વભાવ તરફ વળવું તે જ પરમાત્મપદનો ઉપાય છે. આ પ્રમાણે સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ અનેકાંત ઉપકારી નથી. પર્યાયમાં અશુદ્ધતા છે ખરી, પણ તેના આશ્રયે નિજપદની પ્રાપ્તિ થતી નથી. સ્વભાવ તરફ ઢળ્યા વિના, પર્યાયના આશ્રયે કલ્યાણ થાય–એવું અનેકાંતમાર્ગમાં એટલે કે વસ્તુના સ્વભાવમાં છે જ નહીં. તું તને સમજીને, તારા સ્વભાવનો મહિમા કર અને તારા સ્વભાવ તરફ વળ–એ જ કલ્યાણનો માર્ગ છે. નિજપદની પ્રાપ્તિ એટલે કે પરમાત્મદશાની પ્રાપ્તિ સ્વના આશ્રયે થાય છે, પરના આશ્રયે નિજપદની પ્રાપ્તિ થતી નથી; ઉપાદાનના આશ્રયે નિજપદની પ્રાપ્તિ થાય છે, નિમિત્તના આશ્રયે નિજપદની પ્રાપ્તિ થતી નથી.

નિજપદની પ્રાપ્તિ જીવથી થઈ શકે છે, તેનો આ ઉપદેશ છે. અનંતકાળથી જીવે પોતાના નિજપદની સંભાળ કરી નથી, અને નિમિત્ત તથા વ્યવહારના આશ્રયે કલ્યાણ માનીને પરપદની જ પ્રાપ્તિ કરી છે. સ્વપદ–ચૈતન્યસ્વભાવને ભૂલીને પરના આશ્રયે તો પરપદની–રાગની–કર્મની ને શરીરના સંયોગની પ્રાપ્તિ થાય છે, ને ચાર ગતિના અવતાર ટળતા નથી. રાજપદ હો કે દેવપદ હો તે બધા પરપદ છે, અને તેના કારણરૂપ પુણ્યભાવ પણ પરપદ છે, ચૈતન્યભગવાન આત્માનું તે પદ નથી. નિજપદ તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે, તેના આશ્રયે શ્રદ્ધા–જ્ઞાન–રમણતા કરતાં પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. એ સિવાય પરના આશ્રયે રાગ ઊઠે તેનાથી પરપદની પ્રાપ્તિ થાય છે. અનેકાંત પોતાના સ્વભાવપદની પ્રાપ્તિ અર્થે જ ઉપકારી છે.–આવું અનેકાન્તનું રહસ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્રનું જીવન એકદમ આંતરિક હતું. તેમને સંયમદશા થઈ ન હતી પણ અંતર્સ્વભાવની દ્રષ્ટિ પ્રગટી હતી, પૂર્ણ–

સ્વભાવ–પ્રાપ્તિ માટેનો પ્રયત્ન વર્તતો હતો.....અંદરથી ભગવાન આત્મા જાગ્યો હતો. છેવટે તેમનો પોકાર છે કે–

'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો' આ સંસારનો અંત લાવીને નિજપદની પૂર્ણતાની શીઘ્ર પ્રાપ્તિ કરવાની હતી, પૂર્ણતાની જ ભાવના હતી; આત્મામાં કેવળજ્ઞાનની ને અનંત સુખની પર્યાયો સાદિ–અનંતકાળ પ્રગટયા કરે તેવી તાકાત ભરી છે, એવો પરિપૂર્ણ આત્મા દ્રષ્ટિમાં તો આવ્યો છે– પ્રતીતિમાં આવ્યો છે, સ્વભાવની નિઃશંકતા પ્રગટી છે; અને એ સ્વભાવના આશ્રયે અલ્પકાળે સંસારનો અંત કરીને મોક્ષદશા પ્રગટ કરવાની ભાવના હતી,–'ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો' અહીં પર્યાયની નબળાઈનું જ્ઞાન પણ વર્તે છે તેની વાત કરી, તેમાં પણ આત્મવીર્યની વાત સાથે લીધી છે. અંતરમાં સમ્યક્ એકાંત એવા નિજપદ ઉપર દ્રષ્ટિ પડી છે, અને સ્વભાવ તરફ પુરુષાર્થનો વેગ વળ્યો છે, પણ સ્વભાવમાં વળતાં વળતાં વચ્ચે વીર્ય અટકી ગયું, પૂર્ણતાના પુરુષાર્થમાં ન પહોંચી શકાયું, એટલે એકાદ ભવ બાકી રહ્યો, તેનું જ્ઞાન વર્તે છે; છતાં સ્વભાવની નિઃશંકતા જાહેર કરતાં કહે છે કે–

**'જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી; એ અદ્‌ભુત આશ્ચર્ય છે, અવ્યાબાધ સ્થિરતા છે.'**

અવસ્થામાં નબળાઈથી જરાક વીર્ય અટકયું છે તેનું ભાન છે, પણ દ્રષ્ટિમાં જે સ્વરૂપ આવ્યું છે તે અન્યથા થવાનું નથી, એ સ્વરૂપની દ્રષ્ટિ કદી ખસવાની નથી. એટલે એ દ્રષ્ટિના જોરે સ્વરૂપસ્થિરતા પ્રગટ કરીને અલ્પકાળે પૂર્ણદશા પ્રગટ કરવાના છીએ. 'સ્વાત્મવૃત્તાંત' માં નિઃશંકતાપૂર્વક કહે છે કે–

**અવશ્ય કર્મનો ભોગ જે ભોગવવો અવશેષ રે,**
**તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...ધન્ય રે.**

હવે અનંતભવ કરવાના રહ્યા નથી, પણ એક જ ભવ બાકી છે. એક ભવમાં અમને પૂર્ણસ્વરૂપની પ્રાપ્તિ થશે, એટલે કે અહીંથી વચ્ચે સ્વર્ગનો ભવ કરીને પછી મનુષ્ય થઈને પૂર્ણ સ્વરૂપને પ્રગટ કરશું–તેમાં ત્રણકાળ ત્રણલોકમાં શંકા પડતી નથી. 'અપૂર્વ અવસર' ની છેલ્લી કડીમાં પણ આ સંબંધમાં લખે છે કે–

**એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મે, ગજા વગર ને હાલ મનોરથરૂપ જો.**
**તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.....**

અંતરમાં એવા પરમાત્મસ્વભાવની શ્રદ્ધા

અને જ્ઞાન પ્રગટયાં છે, અને તેની પૂર્ણ પ્રાપ્તિ માટેની ભાવના વર્તે છે. ‘આવી જેની દશા હોય તે અલ્પકાળે પરમપદને પામે’ એવી ભગવાનની આજ્ઞાનું ભાન છે, અને સાથે પોતાનો નિશ્ચય ભેળવીને કહે છે કે અલ્પકાળે જરૂર અમે તે પરમપદસ્વરૂપ થઈશું. અંતર્સ્વભાવની દ્રષ્ટિપૂર્વક આવા સ્વકાળના અપૂર્વ પુરુષાર્થની ભાવના કરતાં કરતાં જેને દેહ છૂટયો તેને પછી વિશેષ ભવ હોય નહીં. શ્રીમદ્ રાજચંદ્રજીનું આવું આંતરિક જીવન હતું; તેઓ તો ટૂંકા જીવનમાં પોતાના આત્માનું કામ કરી ગયા; અને તેમની અંતરદશાને જે જીવ ઓળખશે તેનું પણ કલ્યાણ થશે.

**દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણીત.**

* * *

ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ
એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે.

(શ્રી. રા., વર્ષ ૨૧ પૃ., ૧૬૮, નં. ૩૧)

*


## –: ગ્રાહકોને સૂચના :–

(૧) સં. ૨૦૨૪ની સાલનું આત્મધર્મ ગુજરાતીનું લવાજમ રૂા. ૪=૦૦ છે.
(૨) કારતક માસનો પ્રથમ અંક તા. ૫–૧૧–૬૭ના રોજ અત્રેથી પોસ્ટ થશે.
(૩) નવા વર્ષની દર માસની પાંચમી તારીખે અંક પોસ્ટ થશે.
(૪) આપનું લવાજમ તા. ૩–૧૧–૬૭ના રોજ અત્રે મળી જાય તે પ્રમાણે મોકલી આપવા વિનંતી છે; જેથી પ્રથમ અંક આપને સમયસર મળી જાય.
(૫) જે મુમુક્ષુમંડળો આ સંસ્થાવતી લવાજમ સ્વીકારે છે તેઓ પણ ગ્રાહકોનું પૂરા નામ સરનામા તથા ગ્રાહક નંબર સાથેનું લીસ્ટ તા ૩–૧૧–૬૭ સુધીમાં અત્રે મળી જાય તે પ્રમાણે મોકલી આપવા વિનંતી છે.

લિ.
દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.

# શ્રીમદ્ રાજચંદ્ર-જન્મશતાબ્દિ-પુષ્પમાળા

આત્મધર્મમાં પ્રગટ થયેલી સૂચના અનુસાર શ્રીમદ્ રાજચંદ્રજીના સો વચનામૃત એક બહેને લખી આપ્યા છે. મેટ્રિક કરીને તેઓ સોનગઢમાં જ સંતોની મંગલ છાયામાં રહીને તત્ત્વઅભ્યાસ કરે છે. આપણા બાલવિભાગના તેઓ સભ્ય છે. અને તેઓ મોરબીના હોવાથી સહેજે તેમને શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે ભક્તિભાવના હોય જ. આત્મધર્મમાં ૧૦૦ વચનામૃતોની યોજના જોઈને તરત તેમણે શ્રીમદ્ રાજચંદ્રજીનું પુસ્તક વાંચ્યું ને તેમાંથી ૧૦૦ પુષ્પો ચૂંટી કાઢયા, તે પુષ્પમાળા અહીં આપીએ છીએ. તે બહેનનું નામ છે વાસંતીબેન એચ. જૈન. ૧૦૦ વચનામૃત શરૂ કરતાં પહેલાં તેઓ ભૂમિકા લખે છે–



[ બાલવયથી જ જેમને પૂર્વ ભવનું ભાન હતું, જેમની અંતરંગદશા અદ્‌ભુત હતી, જેમનો સત્સંગ આત્માર્થનો પોષક હતો, જેમણે નાની વયમાં આત્મજ્ઞાનની અપૂર્વ દશાની પ્રાપ્તિ કરીને નિર્ગ્રંથ મુનિદશાની ભાવના ભાવી હતી, તે શ્રીમદ્ રાજચંદ્રજીને ભક્તિભાવે નમસ્કાર કરું છું.

તેમના વીતરાગી વચનો વાંચતાં સંસારનો કોલાહલ ભૂલાઈ જાય, ને જીવને શાંતપરિણામ થાય છે. ભવસમુદ્રની ભયભીત પ્રાણીઓને જ્ઞાની પુરુષોનાં વચનામૃત ભવથી પાર ઉતારનારા કલ્યાણકારી છે. નાનપણથી જ શ્રીમદ્ રાજચંદ્રજીની ગજબ શક્તિ મોટા પંડિતોને પણ આશ્ચર્યમાં મુકે તેવી હતી. પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રતાપે તેમનાં વચનોનાં ગૂઢ અર્થોનું વિસ્તરણ સમજાય છે. સાક્ષાત્ જ્ઞાનીના ઉપકારની શી વાત!

શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોમાં ઘણા ઊંડા રહસ્યો છે. તેમનું પુસ્તક વાંચીને તેમાંથી શું લખવું ને શું ન લખવું? તે વિચારમાં પડી જવાય તેવું છે; છતાં જ્ઞાની પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેમના જ પુસ્તકમાંથી તેમની જન્મશતાબ્દિ નિમિત્તે ૧૦૦ પુષ્પોની આ પુષ્પમાળા શ્રદ્ધાંજલિરૂપે અર્પણ કરું છું. સભ્ય નં. 73 ]

૧. આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદભાવે ત્રણેકાળ નમસ્કાર કરું છું. (વર્ષ ૨૪, આંક ૧૮૩.)

૨. નથી ધર્યો દેહ વિષય વધારવા,<br>
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા. (વર્ષ ૧૭, પહેલાં)

૩. તારે દોષે તને બંધન છે એ સંતની શિક્ષા છે. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું; પોતે પોતાને ભૂલી જવું. (વર્ષ ૨૩, આંક ૧૦૮)

૪. શાસ્ત્રજ્ઞાનથી નિવડો નથી. અનુભવજ્ઞાનથી નિવેડો છે. (વર્ષ ૨૪, ૨૭૦)

૫. 'સત્' સત્ જ છે, સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ સત્‌ને બતાવનાર 'સત્' જોઈએ. (વર્ષ ૨૪, ૨૦૭)

૬. જે જ્ઞાને કરીને ભવાંત થાય છે તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુર્લભ છે, તથાપિ તે જ્ઞાન, સ્વરૂપે તો અત્યંત સુગમ છે. (વર્ષ ૨૫, ૩૪૦)

૭. અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એકમાત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. (વર્ષ ૨૮, ૭૧૯)

૮. પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન, પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન. (વર્ષ ૧૭, ૩૪)

૯. ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે. (વર્ષ ૧૮)

૧૦. સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે;

૧૧. હું કોણ છું? ક્યાંથી થયો! શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું? (વર્ષ ૧૭, આંક ૬૭)

૧૨. અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા,
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

૧૩. તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય. એકવાર જો સમાધિ–મરણ થયું તો સર્વકાળના અસમાધિમરણ ટળશે. સર્વોત્તમ પદ સર્વ ત્યાગીનું છે. (વર્ષ ૨૦ આંક ૨૫)

૧૪. ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષોનો સમાગમ એ જ અમૂલ્ય અને અનુપમ લાભ છે. (વર્ષ ૨૧, આંક ૩૧)

૧૫. જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું. તેથી રૂડું થયું નથી. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે તો અનંત ભવનું સાટું વળી રહેશે. (વર્ષ ૨૧, આંક ૩૭)

૧૬. વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને

જિતેન્દ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. (વર્ષ ૨૧, આંક ૪૦)

૧૭. એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે. (વર્ષ ૨૨, આંક ૪૭)

૧૮. અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ મળ્યા નથી. નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે. (વર્ષ ૨૨, આંક ૫૬)

૧૯. ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી; લોકત્યાગવિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. (વર્ષ ૨૩, આંક ૧૨૮)

૨૦. સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા,
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા. (વર્ષ ૨૨, આંક ૭૭)

૨૧. દેહમાં વિચાર કરનારો બેઠો છે તે દેહથી ભિન્ન છે. તે સુખી છે કે દુઃખી? તે સંભાળી લે. (વર્ષ ૨૩, ૮૪)

૨૨. હે જીવ! ભૂલ મા. તને સત્ય કહું છું–સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહીં મળે. (વર્ષ ૨૩, આંક ૧૦૮)

૨૩. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે. (વર્ષ ૨૪, ૧૬૬)

૨૪. બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત,
પાવે નહીં ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત, (વર્ષ ૨૪, આંક ૨૫૮)

૨૫. અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂકયું નહીં અભિમાન; (વર્ષ ૨૪, ૨૬૪)

૨૬. તનસે, મનસે, ધનસે, સબસે ગુરુદેવકી આન સ્વઆત્મ બસે;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિં પ્રેમ ઘનો;
(વર્ષ ૨૫, આંક ૨૬૫)

૨૭. જો હોય પૂર્વ ભણેલ નવ, પણ જીવને જાણ્યો નહીં;
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ મહી; (વર્ષ ૨૫ આંક ૨૬૮)

૨૮. જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે તેને માર્ગનો ક્રમ પામવો બહુ સુલભ છે. (વર્ષ ૨૫, ૨૯૪)

૨૯. જિંદગી અલ્પ છે, જંજાળ અનંત છે, સંખ્યાત ધન છે અને તૃષ્ણા અનંત છે, ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે અથવા નથી અને સર્વસિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. (વર્ષ ૨૫, આંક ૩૧૯)

૩૦. દેહાભિમાન ગલિત થયું છે જેનું તેને સર્વ સુખરૂપ જ છે. જેને ભેદ નથી તેને ખેદ નથી. (વર્ષ ૨૫, આંક ૩૫૯)

૩૧. આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.(વર્ષ ૨૫, ૩૪૮)

૩૨. જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે, જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યગ્દર્શન થાય છે. (વર્ષ ૨૫, ૩૫૮)

૩૩. જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.

૩૪. તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે, પરમ પ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ પરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે કે જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્તતું નથી. (વર્ષ ૨૫, ૪૦૦)

૩૫. ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી. (વર્ષ ૨૫, ૩૭૪)

૩૬. આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે; તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુવચનનું શ્રવણવું કે સત્ શાસ્ત્રોનું વિચારવું એ છે. (વર્ષ ૨૫, ૩૭૫)

૩૭. દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે; અને દુઃખની નિવૃત્તિ, દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગદ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. (વર્ષ ૨૫, ૩૭૫)

૩૮. દેહ તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર જેમ ઘડાથી ભિન્ન છે તેમ દેહનો જોનાર, જાણનાર એવો આત્મા તે દેહથી ભિન્ન છે અર્થાત્ દેહ નથી.(વર્ષ ૨૬. ૪૨૫)

૩૯. જ્ઞાની પુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય

એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે. (વર્ષ ૨૬, ૪૭૦)

૪૦. કોઈ પણ જાણનાર, ક્યારે પણ, કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે, એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે. (વર્ષ ૨૬ આંક ૪૩૮)

૪૧. સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે, સત્પુરુષના ચરણસમીપનો નિવાસ છે. (વર્ષ ૨૬, ૪૪૯)

૪૨. જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે–પ્રગટ છે તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી, અને તે સત્‌પુરુષથી આત્મા જાણ્યા વિના, બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. (વર્ષ ૨૬, ૪૪૯)

૪૩. વ્યવહાર કર્યામાં જીવને પોતાની મહત્તાદિની ઇચ્છા હોય તે વ્યવહાર કરવો યથાયોગ્ય નથી. (વર્ષ ૨૬, ૪૪૯)

૪૪. વ્યાધિ રહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી તે પ્રત્યેથી મોહ–મમત્વાદિ ત્યાગ્યા હોય તો તે મોટું શ્રેય છે. (વર્ષ ૨૬, ૪૬૦)

૪૫. અવિચાર અને અજ્ઞાન એ સર્વ કલેશનું મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. (વર્ષ ૨૬, ૪૬૦)

૪૬. મહા વ્યાધિના ઉત્પત્તિ કાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાની પુરુષોના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે. (વર્ષ ૨૬, ૪૬૦)

૪૭. પૂર્વકાળમાં જે જે જ્ઞાની પુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે. તે શ્રવણને, શ્રવણના કર્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. (વર્ષ ૨૬, ૪૬૫)

૪૮. અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે. (વર્ષ ૨૬, ૪૬૬)

૪૯. જ્ઞાની પુરુષે કહેવું બાકી નથી રાખ્યું પણ જીવે કરવું બાકી રાખ્યું છે. (વર્ષ ૨૬, ૪૬૬)

૫૦. ‘આત્મા છે’ જેમ ઘટપટાદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટાદિ હોવાનું પ્રમાણ છે, તેમ

સ્વપર–પ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે. ( વર્ષ ૨૬, ૪૯૩ )

૫૧. જે સત્પુરુષોએ જન્મ–જરા–મરણનો નાશ કરવાવાળો, સ્વ–સ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. ( વર્ષ ૨૭, ૪૯૩ )

૫૨. જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ છે અને તે અસંગ દશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે. ( વર્ષ ૨૭, ૫૦૦ )

૫૩. જેમ બને તેમ જીવના પોતાના દોષ પ્રત્યે લક્ષ કરી બીજા જીવ પ્રત્યે નિર્દોષ દ્રષ્ટિ રાખી વર્તવું અને વૈરાગ્ય ઉપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ પ્રથમ સ્મરણવા યોગ્ય વાત છે. ( વર્ષ ૨૭, ૫૦૦ )

૫૪. વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો. જીવના અનઅધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી, તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી એવું વારંવાર ચિંતવન કરવું.( વર્ષ ૨૭, ૫૦૫ )

૫૫. આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો. એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ ! ( વર્ષ ૨૭, ૫૦૫ )

૫૬. હે જીવ ! આ કલેશરૂપ સંસારથકી વિરામ પામ વિરામ પામ. કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. ( વર્ષ ૨૭, ૫૦૫ )

૫૭. હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. ( વર્ષ ૨૭, ૫૦૫ )

૫૮. જ્ઞાની પુરુષોની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. ( વર્ષ ૨૭, ૫૧૧ )

૫૯. વૈરાગ્ય ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રોનો પરિચય કરવો એ જીવને પરમ હિતકારી છે; બીજો પરિચય જેમ બને તેમ નિવર્તન યોગ્ય છે. ( વર્ષ ૨૭, ૫૧૨ )

૬૦. આત્મહિતને માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી. ( વર્ષ ૨૭ )

૬૧. પોતાને વિષે ઉત્પન્ન થયો હોય એવો મહિમાયોગ્ય ગુણ તેથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી પણ અલ્પ પણ નિજદોષ

જોઈને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે. ( વર્ષ ૨૭, ૫૨૫ )

૬૨. રાજા હો કે રંક હો ગમે તે હો, પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાનાં પુદ્‌ગલ થોડા વખતને માટે સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૬૩. જિંદગી ટૂંકી છે, જંજાળ લાંબી છે માટે જંજાળ ટૂંકી કરતાં સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

૬૪. જેને ઘરે આ દિવસ કલેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૬૫. જહાં કલ્પના જલ્પના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલ્પના જલ્પના, તબ વસ્તુ તિન પાઈ; ( ૭૬૫ )

૬૬. ચૈતન્યનો નિરંતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છીએ, બીજી કાંઈ સ્પૃહા રહેતી નથી, રહેતી હોય તોપણ રાખવા ઇચ્છા નથી. ‘તું હી તું હી’ એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે. ( વર્ષ ૨૩, ૧૪૪ )

૬૭. તમે અમે કોઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષનો એક દિવસ પણ નથી, પાંડવના તેર વર્ષના દુઃખની એક ઘડી નથી અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી. ( વર્ષ ૨૬, ૪૫૦ )

૬૮. નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણ દશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવાનો અવશ્યનો છે તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી એ પરમ શ્રેય છે. ( ૫૩૬ )

૬૯. કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,
ભવે ખેદ અંતર દયા, ત્યાં આત્માર્થ નિવાસ.

૭૦. જ્ઞાની પુરુષોનાં વચનનો દ્રઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે. ( ૫૬૦ )

૭૧. વિષમ સંસારબંધન છેદીને ચાલી નીકળ્યા તે પુરુષોને અનંત પ્રણામ.( ૫૬૮ )

૭૨. સર્વપદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર આત્મજ્ઞાન કરવું એ છે; જો આત્મજ્ઞાન ન થાય તો સર્વપદાર્થનું સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. ( ૫૬૯ )

૭૩. સર્વ કલેશથી અને સર્વદુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. ( ૫૬૯ )

૭૪. સહજ સ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજ સ્વરૂપનું માત્ર ભાન જીવને નથી. જે થવું તે જ સહજસ્વરૂપે સ્થિતિ છે. (વર્ષ ૨૮, ૬૦૯)

૭૫. એ જ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ અસંગપણું જ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેના અંગે સર્વ આત્મસાધન રહ્યાં છે. (વર્ષ ૨૮, ૬૦૯)

૭૬. જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે; તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે, વસ્તુતાએ બંને એક જ છે. (વર્ષ ૨૯, ૬૫૧)

૭૭. અનંતકાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં સમજાવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં. અને તેથી પરિભ્રમણનિવૃત્તિ થઈ નહીં. (વર્ષ ૨૯, ૬૫૧)

૭૮. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. (૭૧૦)

૭૯. એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ, પ્રેરે જે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

૮૦. સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે. સત્‌ગુરુ–સત્‌સંગ, સત્‌શાસ્ત્ર, સદ્‌વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે. (૭૧૦)

૮૧. સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય, પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય.

૮૨. દેહ છૂટવાનો કાળ અનિયમિત હોવાથી વિચારવાન પુરુષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો ઉપાય સાધે છે. (વર્ષ ૩૦, ૭૨૮.)

૮૩. આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ–આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.

૮૪. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.

૮૫. સતત્ અંતર્‌મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્‌મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે. (વર્ષ ૩૦, ૭૬૭)

૮૬. દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવિણ, વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો...

૮૭. કેવળ અંતર્‌મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. (વર્ષ ૩૧, ૮૧૬)

૮૮. હે આર્ય! નિરાશા વખતે મહાત્મા પુરુષોનું અદ્‌ભુત આચરણ સંભારવું યોગ્ય છે. (વર્ષ ૩૨, ૮૭૯)

૮૯. ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ;

૯૦. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.

૯૧. કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા;
નિર્ગ્રંથનો પંથ ભવ–અંતનો ઉપાય છે. ( વર્ષ ૩૩, ૯૦૨ )

૯૨. ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.

૯૩. એક રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે છે તે કરતાં અપૂર્વ અભિપ્રાયસહિત ધર્મસંતતિ પ્રવર્તાવવામાં વિશેષ પરાક્રમ ઘટે છે. ( હાથનોંધ )

૯૪. કયા ઇચ્છત ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂળ;
જબ ઇચ્છાકા નાશ તબ મિટે અનાદિ ભૂલ.

૯૫. જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહીં જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.

૯૬. શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહીયે કેટલું ? કર વિચાર તો પામ.

૯૭. રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ, થાય નિવૃત્તિ જેહથી તે જ મોક્ષનો પંથ.

૯૮. અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર. ( ૩૫૮. )

૯૯. લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ–પરિવારાદિ યોગવાળી હોય તો પણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવ કાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે. ( વર્ષ ૩૪, ૯૪૯. )

૧૦૦. દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણીત. શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૦૦ વચનામૃતની ‘જન્મશતાબ્દિ–પુષ્પમાળા’ ની આ યોજનાથી મુખ્ય લાભ એ થયો કે ઘણાય જિજ્ઞાસુઓએ આ યોજનામાં રસ લઈને તરત શ્રીમદ્ રાજચંદ્રજીનું સાહિત્ય વાંચવા માંડયું, અને તેમાંથી ૧૦૦ ઉત્તમ વચનામૃતોની ચૂંટણી કરવાની હોવાથી વિશેષ ધ્યાનપૂર્વક વાંચ્યું. હજી બીજા અનેક ભાઈ–બહેનોએ લખેલા વચનામૃતો અમારી પાસે આવેલા છે; તેનો પણ શક્ય તેટલો ઉપયોગ હવે પછીના અંકોમાં કરીશું.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

**∗ ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ ) ∗**

∗ અંધેરીથી રજનીકાન્ત જૈન (No. 1836) હર્ષપૂર્વક લખે છે કે આત્મધર્મનો બાલવિભાગ વાંચતાં મને ઘણો જ રસ જાગ્યો તેથી હું સભ્ય બન્યો. બાલવિભાગ અત્યંત આનંદથી વાંચું છું. 'ચાલો આંબા ખાઈએ' વાળું સભ્ય–કાર્ડ મળતાં હું બહુ ખુશી થયો. ( ખરેખર, એ મધુર આંબા ખાવાનું મન થાય છે! ) તેમજ ફોટો અને ઋષભદેવ ભગવાનનું પુસ્તક પણ મળતાં ઘણો જ ખુશી થયો છું.

∗ બેંગલોરથી K. H. જૈન (No. 774) લખે છે કે–હું દરેક આત્મધર્મ વાંચું છું. કોલેજના ભણતરની સાથે આત્માનું ભણતર પણ કરું છું. જેમ જેમ આત્મધર્મ વાંચું છું તેમ તેમ બહુ રસ આવે છે. આત્મધર્મમાં ઘણી સરસ જાણવા જેવી વાતો આવે છે, અને બાલવિભાગમાં તો ઓર મજા આવે છે.

∗ કલ્પનાબેન તથા અલકાબેન ( નં. ૨૩૦ તથા ૧૬૭૨ ) પૂછે છે–

તીર્થંકરો જગતના જયવંત વર્તો,
ૐકારનાદ જિનનો જયવંત વર્તો;
જિનના સમોસરણ સૌ જયવંત વર્તો,
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

– અમે આ સ્તુતિ બોલીએ છીએ; તેમાં 'ચાર તીર્થ' જયવંત કહ્યા છે તે કયા? એક ગીરનાર, બીજું પાવાપુરી, ત્રીજું ચંપાપુરી, ને ચોથું કયું? તે અમને ખબર નથી, તો જણાવશોજી.

ઉત્તરઃ– બેન, ચાર તીર્થ જાણવાની તમારી ભાવના ઉત્તમ છે. પણ અહીં તો તમે ધાર્યા કરતાં બીજા જ ચાર તીર્થ છેઃ ( ૧ ) મુનિ ( ૨ ) અર્જિકા ( ૩ ) શ્રાવક ને ( ૪ ) શ્રાવિકા–આ ચાર તીર્થ છે. કેમકે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને તીર્થ કહેવાય છે,–જેનાથી તરાય તે તીર્થ છે; અને એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના ધારક હોવાથી આ મુનિ–અર્જિકા–શ્રાવક ને શ્રાવિકા એ ચારે જીવોને તીર્થ કહેવાય છે.

અને આવા તીર્થસ્વરૂપ (રત્નત્રયધારક) જીવો જે ભૂમિમાં વિચર્યા એવા ગીરનાર સમ્મેદશિખર વગેરેને પણ વ્યવહારથી તીર્થ કહેવાય છે.

આ રીતે રત્નત્રય તે તીર્થ છે, રત્નત્રયના ધારક જીવો પણ તીર્થ છે; અને તે જીવો જ્યાં વિચર્યા તે ભૂમિ પણ તીર્થ છે. એવા સર્વે તીર્થોને નમસ્કાર હો.

* મુંબઈ અને તેના પરાઓના બાલસભ્યોને ખાસ પ્રેમભરી સૂચના કરવામાં આવે છે કેઃ તમારું ભેટ પુસ્તક "ભગવાન ઋષભદેવ" ઝવેરી બજારના આપણા જિનમંદિર ઉપર મોકલાયું છે, ત્યાંથી મેળવી લેશો. જો કે તમને જરા તકલીફ તો પડશે, પણ એ બહાને ત્યાંના સરસ મજાના સીમંધર ભગવાનના દર્શન થશે...માટે વેલા જઈને દર્શન કરજો ને પુસ્તક લાવજો...લાવજો અને અમને જણાવજો. (ત્યાંથી ન મળે તો સોનગઢ લખવાથી મોકલી આપશું. દાદરના સભ્યોના પત્રો મળ્યા છે.)

* કિરીટકુમાર (નરોડા) : ભાઈશ્રી, તમારી વાત સાચી છે કે બે માસથી બાલવિભાગના પ્રશ્નો વગર બાળકોને સૂનું સૂનું લાગ્યું. પણ હવે પ્રશ્નો વાંચીને તમે આનંદિત થયા હશો. હવેથી નિયમિત આપવાનો પ્રયત્ન કરીશું. બાલવિભાગના પુસ્તકો વાંચીને તમને આનંદ ઉભરાઈ જાય છે... તે બહુ સારી વાત છે...તમારો સૌનો ઉલ્લાસ દેખીને અમનેય આનંદ થાય છે.

પ્રશ્નઃ– શ્રીમદ્ રાજચંદ્રનો જીવ અત્યારે ક્યાં છે? (૧૦૦૫)

ઉત્તરઃ– સ્વર્ગમાં. (કોઈ પણ આરાધક–મનુષ્ય મરીને વિદેહક્ષેત્રમાં અવતરે નહિ. શ્રીમદ્ અહીંથી વિદેહમાં ગયા છે એમ કોઈ કહે તો તે સિદ્ધાંતિકજ્ઞાનનો અભાવ સૂચવે છે તેમજ શ્રીમદ્‌ની દશા પણ તેમણે ઓળખી નથી.

પ્રશ્નઃ– નીચેની કડીનો અર્થ સમજાવશો ? (No. 1008)

"નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.
પરવસ્તુમાં નહિ મુંઝવો એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં."

ઉઃ– શ્રીમદ્ રાજચંદ્રજી આ કડીમાં આત્માના ઉદ્ધાર માટે બોધ આપતાં કહે છે કે રે જીવ! સર્વજ્ઞદેવ જેવી દિવ્ય શક્તિવાળો આ આત્મા, પરમાં સુખ માની

માનીને મોહની જંજીરમાં જકડાઈ રહ્યો છે, તેને એ જંજીરથી છોડાવવા માટે ગમે ત્યાંથી પણ તમે નિર્દોષ સુખ ને નિર્દોષ આનંદ લ્યો, બીજા સુખમાં સુખ ન માનો, બીજા આનંદમાં આનંદ ન માનો, પરવસ્તુમાં ને પરભાવમાં જે સુખ કે આનંદ લાગે છે તે કાંઈ નિર્દોષ સુખ કે નિર્દોષ આનંદ નથી. નિર્દોષ સુખ ને નિર્દોષ આનંદ તો આત્મામાં જ છે, માટે ગમે ત્યાં પણ આત્માને ઓળખીને તેનું નિર્દોષ સુખ ને નિર્દોષ આનંદ લ્યો, એ સિવાય બીજે ક્યાંય સુખ ન માનો,–કે જેથી દિવ્યશક્તિવાળો આ આત્મા મોહજંજીરોના બંધનમાંથી છૂટે.

પરવસ્તુમાં સુખ માની માનીને આ દિવ્યશક્તિવાળા આત્માને તમે મુંઝવી રહ્યા છો,–તેને તમે પરવસ્તુમાં ન મુંઝવો–એમ મને આત્માની દયા આવે છે. અને એ મુંઝવણ કેમ મટે? તે મુંઝવણ ત્યાગવા માટે આ સિદ્ધાંત છે કે પાછળથી જેમાં દુઃખ હોય તે ખરેખર સુખ નથી. જેમકે વિષયોના અનુરાગનું ફળ મહા દુઃખરૂપ છે, માટે વિષયોમાં સુખ નથી. જે સુખ હોય તેના ફળમાં દુઃખ આવે નહિ. આ રીતે હે જીવો! આત્માનું સુખ આત્મામાં જ છે એમ તમે સમજો ને તે નિર્દોષ સુખને સર્વત્ર અનુભવો;–આમ કરવાથી આત્માની મુંઝવણ મટશે ને એ દિવ્યશક્તિવાળો ભગવાન જંજીરેથી છૂટીને મુક્ત થશે.

શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો સુગમતાથી આત્મબોધ પ્રેરનારા છે.

પ્રશ્નઃ– આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે, એટલે શું? ને તેને ઉપયોગમાં લેવા માટે શું કરવું? (No. 1008)

ઉત્તરઃ– ઉપયોગ એટલે જાણવા–દેખવાનો સ્વભાવ, તે આત્મામાં જ છે; બીજા કોઈ પદાર્થોમાં તેવો સ્વભાવ નથી. 'ઉપયોગ' કહેતાં તેમાં જડ ન આવે ને રાગ પણ ન આવે. આવા ઉપયોગસ્વરૂપે આત્માને લક્ષમાં લેતાં દેહથી ને રાગથી જુદો આત્મા લક્ષગત થાય છે. આત્માના તીવ્ર પ્રેમપૂર્વક આવી ભિન્નતાનો વારંવાર અભ્યાસ કરતાં જ્યારે ઉપયોગ અંતર્મુખ થાય છે ત્યારે તે ઉપયોગમાં આત્મા આવે છે, એટલે આત્માનો અનુભવ થાય છે. ઉપયોગ તે આત્માનો સ્વભાવ છે એટલે તે સદા ઉપયોગસ્વરૂપ છે.

(વિશેષ આવતા અંકે)

– * –

# વૈરાગ્ય સમાચાર:–

## બાલવિભાગના એક કોલેજિયન-સભ્યનો સ્વર્ગવાસ

વાંકાનેરના રહીશ ભાઈશ્રી છબીલદાસ શામજીભાઈ સંઘવીના સુપુત્રી શ્રી ઇન્દિરાબેન (–રીટાબેન), જેઓ આપણા બાલવિભાગના સભ્ય હતા (No. 1500) અને ભૂજની કોલેજમાં B. A. નો અભ્યાસ કરતા હતા, તેઓ તા. ૧૬–૯–૬૭ ભાદરવા સુદ ૧૩ ના રોજ માત્ર ૧૯ વર્ષની યુવાનવયે બિમારીથી ભૂજ મુકામે સ્વર્ગવાસ પામી ગયા. શ્રી છબીલદાસભાઈ ગુરુદેવ પ્રત્યે ખાસ ભક્તિભાવ ધરાવે છે ને અવારનવાર સત્સંગનો લાભ લે છે. આ વૈરાગ્યસમાચાર સંબંધી મુ. શ્રી રામજીભાઈ ઉપરના પત્રમાં તેઓ વૈરાગ્યપૂર્વક લખે છે કે–

“ચિ. બેન રીટા (ઇન્દિરા) બાલવિભાગની સભ્ય હતી તેથી રૂા. ૫૦૧–તીર્થંકરભગવાનનું કોઈ નાનું પુસ્તક છપાવી બાલવિભાગના સભ્યોને ભેટ તરીકે આપી ધાર્મિક પ્રભાવના કરવા, અથવા આપને યોગ્ય લાગે તે મુજબ ધાર્મિક પ્રભાવનામાં વાપરવા, વિચાર છે...આવા વૈરાગ્ય પ્રસંગો નજરે નીહાળીએ છીએ ત્યારે પૂ. ગુરુદેવનો પરિચય અને ‘આત્મધર્મ’ દ્વારા થતી ધાર્મિક પ્રભાવના ખરેખર આશ્વાસનરૂપ થઈ પડે છે...બેન રીટાના લગ્ન કે સગપણ થયેલ ન હતા. અમે પાલીતાણા સરવીસમાં હતા ત્યારે સોનગઢ આવી ગુરુદેવના દર્શનનો લાભ લેતા, આત્મધર્મ વાંચતા; છેલ્લે ગુરુદેવ વલસાડ પધાર્યા ત્યારે દર્શનનો લાભ લીધો હતો. અભ્યાસ પૂરો કર્યા બાદ સોનગઢ જીવન વીતાવવા ઇન્દિરાની ઇચ્છા હતી...પરંતુ–!”

છબીલદાસભાઈના ઉપરના પત્રથી ખ્યાલ આવશે કે કોલેજમાં અભ્યાસ કરતા યુવાન બાળકોમાં પણ આપણો બાલવિભાગ કેવા ઉચ્ચ સંસ્કારો રેડી રહ્યો છે. થોડા દિવસ પહેલાં જ ૬૦૦ કોલેજિયન સભ્યોની વાત ગુરુદેવે પ્રવચનમાં યાદ કરી હતી.

આપણા આ સ્વર્ગસ્થ બહેન પ્રત્યે બાલવિભાગના સમસ્ત બહેનો–ભાઈઓ તરફથી તેમ જ સંપાદક તરફથી વાત્સલ્યભીની અંજલિ સાથે એવી ભાવના ભાવીએ છીએ કે ઇન્દિરાબેનનો આત્મા સમ્યક્ત્વ પામીને જિનવરનો ખરો સંતાન બને અને જિનચરણની ઉપાસના વડે આ ભવભ્રમણથી છૂટીને સિદ્ધ પદ પામે. जयजिनेन्द्र.

(બાલવિભાગના કોઈ સભ્યના સ્વર્ગવાસનો આવો પહેલો જ પ્રસંગ છે. બંધુઓ, બાલવિભાગના તમે દરેક ભાઈ–બહેનો જ્યારે આ વૈરાગ્યસમાચાર વાંચો ત્યારે એ બહેન પ્રત્યે શાંતિની અંજલિરૂપ પાંચવાર નમોક્કાર મંત્ર જરૂર જપજો.)




બંધુઓ,

દીપાવલીપર્વ આવી રહ્યું છે...તે કેવી રીતે ઉજવશો? આનંદથી ઉજવજો...ફટાકડા ફોડવાનો આનંદ નહિ પણ ધાર્મિકભાવનાનો આનંદ! કેમકે એ દિવસે આપણા ભગવાન શ્રી મહાવીરપ્રભુ મોક્ષપદને પામ્યા...મોક્ષની પ્રાપ્તિથી વિશેષ આનંદની વાત કઈ હોય? માટે એ દિવસે એ મોક્ષદશાને અને મહાવીરપ્રભુને યાદ કરીને, તેમના પગલે–પગલે મુક્તિમાર્ગે જવાની ભાવના ભાવજો. આ વર્ષમાં સંતોની સેવાની ને ધર્મની આરાધનાની ઉત્તમ ભાવનાઓ ભાવજો...ને એ ભાવનાના બળે તમને જે આનંદ થશે તે ફટાકડાના આનંદ કરતાં જુદી તરેહનો હશે...ને આખુંય વર્ષ તમને યાદ રહેશે કે આ વખતે બેસતા વર્ષે આવી ઉત્તમ ભાવનાઓ ભાવી હતી.
–'દીપાવલી–અભિનંદન!'

**જવાબ મોકલનાર સભ્યોનાં નંબર**

[ સૂચનાઃ ભારતની બહારના સભ્યો! તમે પ્રશ્નોના જવાબ ગમે ત્યારે લખીને મોકલી શકો છો...માટે ખુશીથી લખીને મોકલશો.–સં. )

૭૭૫ ૮૯૩ ૮૮૨ ૮૮૩ ૮૮૪ ૪૧૧ ૧૯૧ ૧૭૩૨ ૧૭૩૩ ૯૮૪ ૩૭૨ ૪૦ ૮ ૩૭૬ ૪૯ **૩૧૮** ૧૪૮૧ ૨૧૮ ૨૨૩ ૭૯૨ ૮૦ ૩૮૪ ૩૮૫ ૧૯૪૮ ૩૫૦ ૧૭૯ ૧૮૭૦ ૪૩૧ ૪૩૨ ૩૨૦ ૨૮૯.

– 'રત્નસંગ્રહ' ભેટપુસ્તક બધા સભ્યોને મોકલવામાં નથી આવ્યું; પરંતુ વેકેશનની 'પત્રયોજના' માં જેમણે ભાગ લીધેલો તે સભ્યોને જ મોકલવામાં આવ્યું છે.

– જન્મદિવસનું કાર્ડ વગેરે મોકલવાના કાર્યમાં પહોંચી શકાતું ન હોવાથી બેત્રણ માસથી તે મોકલી શકાતા નથી; તે બદલ સભ્યબંધુઓ ક્ષમા કરે.

## * અમે જિનવરનાં સન્તાન ( નવા સભ્યોનાં નામ ) *

( શરૂના છ સભ્યોએ સભ્યકાર્ડમાં પોતાનો નંબર નીચે મુજબ સુધારી લેવો )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૨૯ | (A) નીતિનકુમાર નગીનદાસ જૈન | ભાવનગર | ૧૯૪૪ | વીરેન્દ્રકુમાર ચાંદમલ જૈન | મુંબઈ–૨ |
| ૧૯૨૯ | (B) રશ્મિકાબેન નગીનદાસ જૈન | ભાવનગર | ૧૯૪૫ | કલ્યાણમાળા અગ્રસેન જૈન | ઉદયપુર |
| ૧૯૨૯ | (C)રમિલાબેન નગીનદાસ જૈન | ભાવનગર | ૧૯૪૬ | મિલનકુમાર ગુણવંતરાય જૈન | મુંબઈ–૬૭ |
| ૧૯૨૯ | (D)પદ્માબેન નગીનદાસ જૈન | ભાવનગર | ૧૯૪૭ | ગીરીશકુમાર લાલચંદ જૈન | માંડલ |
| ૧૯૨૯ | (E)પરેશકુમાર નગીનદાસ જૈન | ભાવનગર | ૧૯૪૮ | કોકિલાબેન કાંતિલાલ જૈન | સંતરામપુર |
| ૧૯૩૦ | રીટાબેન શાંતિલાલ જૈન | મુંબઈ–૫૪ | ૧૯૪૯ | જસુમતીબેન નાનજીભાઈ જૈન | મુંબઈ–૬૦ |
| ૧૯૩૧ | હિતેશકુમાર શાંતિલાલ જૈન | મુંબઈ–૫૪ | ૧૯૫૦ | જયોત્સ્નાબેન દોલતરાય જૈન | જામનગર |
| ૧૯૩૨ | સુબોધકુમાર વિઠલજી જૈન | જામનગર | ૧૯૫૧ | કિશોરકુમાર જી. જૈન | ઉમરગાંવ |
| ૧૯૩૩ | સુરેખાબેન પ્રવીણચંદ્ર જૈન | મુંબઈ–૨૮ | ૧૯૫૨ | દીપક એમ. જૈન | NEW YORK |
| ૧૯૩૪ | મુકેશ વિઠલદાસ જૈન | રાજકોટ | ૧૯૫૩ | પ્રકાશ એચ. જૈન | મુંબઈ–૭૭ |
| ૧૯૩૫ | રંજનબેન ચંદુલાલ જૈન | નીકોડા | ૧૯૫૪ | કનુભાઈ થાવરચંદ જૈન | સાણોદા |
| ૧૯૩૬ | સુરેશચંદ્ર ચંદુલાલ જૈન | નીકોડા | ૧૯૫૫ | પ્રવીણચંદ્ર છોટાલાલ જૈન | નીકોડા |
| ૧૯૩૭ | સુમિત્રાબેન ચંદુલાલ જૈન | નીકોડા | ૧૯૫૬ | પ્રદીપકુમાર મનસુખલાલ જૈન | લીંબડી |
| ૧૯૩૮ | ભરતકુમાર બળવંતરાય જૈન | ભાવનગર | ૧૯૫૭ | મહેન્દ્રકુમાર જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૩૯ | રાજાુબેન બળવંતરાય જૈન | ભાવનગર | ૧૯૫૮ | અભયકુમાર જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૪૦ | મહેશકુમાર ભોગીલાલ જૈન | મુંબઈ–૬૪ | ૧૯૫૯ | કિરણકુમાર જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૪૧ | હરેશકુમાર ભોગીલાલ જૈન | મુંબઈ–૬૪ | ૧૯૬૦ | વિપુલકુમાર બિપિનચંદ્ર જૈન | મુંબઈ–૨ |
| ૧૯૪૨ | નયનાબેન ભોગીલાલ જૈન | મુંબઈ–૬૪ | ૧૯૬૧ | ચંદ્રેશકુમાર રતિલાલ જૈન | વઢવાણ |
| ૧૯૪૩ | પારૂલકુમાર જૈન | મુંબઈ–૪ | ૧૯૬૨ | યોગેશકુમાર રતિલાલ જૈન | વઢવાણ |

***

બર્માના મીનાબેન તથા દીનેશભાઈ ( બાલવિભાગના સભ્યો ) ને માલુમ થાય કે તમારો પત્ર મળ્યો છે. બાલવિભાગના પ્રશ્નોના જવાબ તમે ગમે ત્યારે લખીને મોકલી શકો છો. તથા તમારા પ્રશ્નોનો જવાબ ઘણું કરીને આવતા અંકમાં આપીશું. પરદેશ વસતા સભ્યો પ્રત્યે અમને ખાસ સહાનુભૂતિ છે. ( સં. )

– * –

## પાંચ વસ્તુ પૂરી કરો

પાંચ વસ્તુ પૂરી કરવા સંબંધમાં આઠ બોલ ગતાંકમાં આપ્યા હતા...પાંચમી વસ્તુ શોધી કાઢવાનું બાલસભ્યોને બહુ ગમ્યું છે...આમાં વિવિધ પ્રકારનું જ્ઞાન પણ મળે ને થોડીક કસોટી પણ થાય; આ પદ્ધતિ બધાને ગમી હોવાથી આપણે ચાલુ રાખીશું. તે માટે ૧૦૦ ઉપરાંત બોલ શોધી રાખ્યા છે–જે ક્રમેક્રમે આ વિભાગમાં રજુ કરીશું. 'પાંચ વસ્તુ' નું પ્રકરણ પૂરું થયા પછી ચાર વસ્તુ, ત્રણ વસ્તુ વગેરે પ્રકારો શરૂ કરીશું. અહીં પ્રથમ ગતાંકના ૮ બોલના જવાબ આપીએ છીએ, ને ત્યારપછી નવા બોલ રજુ કર્યા છે,–તે શોધવાનો તમે પ્રયત્ન કરજો. (આવા પાંચ બોલોની યાદી તમે પણ લખીને મોકલી શકો છો. તમે લખેલો જે કોઈ બોલ અમારા લીસ્ટમાં નહીં હોય તે અમે ઉમેરી દઈશું. પાંચ વસ્તુઓ ધાર્મિકજ્ઞાનને લગતી હોવી જોઈએ.)

### ગતાંકમાં પૂછેલી પાંચ વસ્તુઓ નીચે મુજબ છે –

૧. **(પાંચ સિદ્ધક્ષેત્ર)** પાવાપુરી, ગીરનાર, કૈલાસપર્વત, ચંપાપુરી, સમ્મેદશિખર.

૨. **(પાંચ ગતિ)** સ્વર્ગ, નરક, મનુષ્ય, તિર્યંચ, સિદ્ધગતિ.

૩. **(પાંચ ભાવ)** ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક.

૪. **(પાંચ પરમેષ્ઠી)** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

૫. **(પાંચ તીર્થંકર-બાલબ્રહ્મચારી)** વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર.

૬. **(પાંચ લબ્ધિ)** ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય, કરણલબ્ધિ.

૭. **(પાંચ જ્ઞાન)** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન.

૮. **(પાંચ કલ્યાણક)** ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક, જ્ઞાનકલ્યાણક, મોક્ષકલ્યાણક.

### નીચેના ૧૨ બોલમાં પાંચમી વસ્તુ પૂરી કરો –

૯. (પંચમકાળના પાંચશ્રુતકેવળી) વિષ્ણુમુનિ, નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભ........

૧૦. (પાંચ શાશ્વતમેરુતીર્થ) સુદર્શનમેરુ, અચલમેરુ, વિજયમેરુ, મંદારમેરુ, ........

૧૧. (પાંચ નામ વીરપ્રભુના) વીર, અતિવીર, મહાવીર, સન્મતિનાથ, ........

૧૨. (પાંચ નામ કુંદપ્રભુના) પદ્મનંદી, કુંદકુંદ, ગૃદ્ધપિચ્છ, વક્રગ્રીવાચાર્ય, ........

૧૩. (પાંચ અનુત્તરવિમાન) વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત. ........

૧૪. (પાંચ પ્રકારે અર્થ) શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ........

૧૫. (પાંચ ઇન્દ્રિયો) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, ........

૧૬. (પાંચ વિદેહક્ષેત્ર) પૂર્વધાતકીખંડમાં, પશ્ચિમધાતકીમાં, પૂર્વ–પુષ્કરદ્વીપમાં, પશ્ચિમપુષ્કરમાં,....

૧૭. (પાંચ તીર્થંકરો–અયોધ્યામાં જન્મેલા) ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ,...

૧૮. (પાંચ પહાડ–રાજગૃહીના) વિપુલાચલ, રત્નગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, ........

૧૯. (પાંચ રત્નો–પ્રવચનસારના) ગાથા ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫, ........

૨૦. (પાંચ રત્નો–નિયમસારના) ગાથા ૭૮, ૭૯, ૮૦, ૮૧, ........

## હા...કે...ના ?

ગતાંકમાં જે સાત પ્રશ્નો પૂછેલા તે સાતે પ્રશ્નોનો જવાબ ‘હા’ છે. તેની વિગત નીચે મુજબ–

૧ પ્ર. જીવ અને શરીર બંનેના લક્ષણ અત્યારે જુદા છે?

ઉ. હા; કેમકે જીવનું લક્ષણ ચેતના છે, ને શરીરનું લક્ષણ જડતા છે.–એ રીતે અત્યારે પણ બંનેનાં લક્ષણ જુદાં છે.

૨ પ્ર. આ કાળે આપણે નિર્વિકલ્પ–આત્મઅનુભવ કરી શકીએ?

ઉ. હા; એવો અનુભવ કરનારા જીવો અત્યારે સાક્ષાત્ જોવામાં પણ આવે છે.

૩. પ્ર. મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વર્ગમાં જઈ શકે?

ઉ. હા; મિથ્યાદ્રષ્ટિ પણ પુણ્ય કરે તો સ્વર્ગમાં જાય છે. સ્વર્ગમાં જનારા જીવોમાં સમ્યગ્દ્રષ્ટિ કરતાં મિથ્યાદ્રષ્ટિ ઘણા વધુ હોય છે.

૪. પ્ર. કોઈ મનુષ્યનું આયુષ્ય દેવ કરતાં પણ અસંખ્યગણું હોય?

ઉ. હા; ભોગભૂમિના મનુષ્યનું આયુષ્ય અસંખ્ય વર્ષોનું હોય છે, જ્યારે હલકા દેવોનું જઘન્ય આયુ દશહજાર વર્ષ હોય છે; એટલે તે દેવ કરતાં મનુષ્યનું આયુ અસંખ્યગણું થયું.

૫. પ્ર. જગતમાં એકસાથે બે તીર્થંકરો જન્મે ખરા?

ઉ. હા; કોઈવાર એવો ઉત્તમ યોગ પણ બને છે. ભિન્ન ભિન્ન ક્ષેત્રના બે તીર્થંકરો એક સાથે અવતરે છે. (આ સંબંધી શાસ્ત્રાધાર મળ્યે પ્રગટ કરીશું.)

૬. પ્ર. આપણે જંબુદ્વીપમાં રહીએ છીએ, તે જંબુદ્વીપમાં અત્યારે કોઈ તીર્થંકર વિચરે છે?

ઉ. હા; જંબુદ્વીપમાં વિદેહક્ષેત્ર પણ છે ને તેમાં સીમંધર, યુગમંધર, બાહુ ને સુબાહુ એ ચાર તીર્થંકર ભગવંતો અત્યારે વિચરી રહ્યા છે; તેમને આપણા નમસ્કાર હો.

૭. પ્ર. શુભરાગનું ફળ પણ સંસાર છે?

ઉ. હા; રાગનું ફળ તો સંસાર જ હોય; મોક્ષ તો વીતરાગભાવ વડે જ પમાય છે. जयजिनेन्द्र

## ત્રણ અક્ષરની વસ્તુ

ગતાંકમાં ત્રણ અક્ષરની વસ્તુ શોધી કાઢવાનું પૂછેલ–તે વસ્તુ છે ‘अहिंसा’

અહિંસા એ જૈનધર્મની એક ખાસ વસ્તુ છે; દરેક જીવને તે વહાલી છે; તેના વડે જગતમાં જૈનધર્મની પ્રસિદ્ધિ છે.

અરિહંતદેવ પાસે એનો પહેલો અક્ષર છે–(अ)

હિંદુસ્તાનમાં એનો બીજો અક્ષર છે–(हिं)

સામાયિકમાં એનો ત્રીજો અક્ષર છે–(सा)

પાપી જીવો પાસે અહિંસા હોતી નથી. આ અહિંસાના ત્રણ અક્ષરમાંથી પહેલો અક્ષર ગુમાવીને બાકીના બે અક્ષરને, એટલે કે હિંસાને જે સેવે તે જીવ નરકમાં જાય છે. જૈનધર્મની અહિંસાનો જય હો.

(અહિંસાનું સાચું સ્વરૂપ સમજાવતો એક લેખ આગામી અંકમાં વાંચશો.)

# - ભેદજ્ઞાન થતાં શું થયું ? -

[ સોનગઢમાં માનનીય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરીના મકાનના વાસ્તુ પ્રસંગે પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી........આસો સુદ દશમ ]

**ભેદજ્ઞાન થતાં સ્વઘરમાં વાસ્તુ થયું. અનાદિથી દેહમાં-રાગમાં પોતાપણું માનીને બહાર ભમતો, તે હવે પરથી ભિન્નતા જાણીને શુદ્ધ ગુણ-પર્યાયરૂપ સ્વઘરમાં આવ્યો....ચૈતન્યવસ્તુ પોતાના આનંદમય નિજઘરમાં વસે છે. નિર્મળ ગુણ-પર્યાય તે જ આત્માને રહેવાનું સાચું ઘર છે.**

ભેદજ્ઞાન થતાં, શુદ્ધઆત્માની પ્રતીતિ ને અનુભવ થતાં શું થાય છે તે બતાવે છેઃ ( કળશ ૩૧ ) અનાદિથી નિજસ્વરૂપને ભૂલીને આત્મા દેહાદિને પોતાનું રૂપ માનતો હતો. પણ સર્વજ્ઞ ભગવાને તો સદા ઉપયોગસ્વરૂપ આત્મા કહ્યો છે, ઉપયોગસ્વરૂપ આત્માને જડ દેહથી અત્યંત ભિન્નતા છે.–આવું ભેદજ્ઞાન થતાં આત્માનું ભાન થયું...આત્મા શુદ્ધરૂપે પરિણમીને નિજભાવરૂપ સ્વઘરમાં આવ્યો. આત્માનું ભાન થતાં ચૈતન્યવસ્તુ પોતાના આનંદમય નિજઘરમાં વસે છે. અનંત ગુણ–પર્યાય તે વસ્તુનું વાસ્તુ છે, તે આત્માનું રહેઠાણ છે. પોતાના નિર્મળ ગુણ–પર્યાય તે જ આત્માને રહેવાનું સાચું ઘર છે.

અરે જીવ ! તું તો જ્ઞાનસ્વરૂપ છોને ! આ પરવસ્તુનો તને વળગાડ શો ? એ પરવસ્તુ તારી કદી છે જ નહીં. આનંદસ્વરૂપ ચૈતન્યવસ્તુ પોતાના શુદ્ધ શ્રદ્ધા–જ્ઞાન–રમણતારૂપે પરિણમે તે પરમાર્થ છે. વસ્તુ તો અનાદિની હતી પણ પ્રતીત ન હતી. પણ ગુરુઉપદેશથી પોતે પોતાનું સ્વરૂપ જ્યારે સમજ્યો ત્યારે શું થયું ? તેની આ વાત છે. ભાન થતાં, જેવું શુદ્ધદ્રવ્ય હતું તેવી શુદ્ધદશા પ્રગટી. ચૈતન્યવસ્તુ પોતે નિર્મળદશાપણે પ્રગટ થઈ, અનુભવમાં આવી.–સ્વઘરમાં વાસ્તુ થયું.

પહેલાં અજ્ઞાનથી રાગને અને દેહને પોતાનું સ્વરૂપ માનીને બહાર ભમતો ને અશુદ્ધતારૂપે પરિણમતો; હવે મારો ઉપયોગસ્વરૂપ આત્મા દેહથી ને રાગથી અત્યંત

ભિન્ન છે એમ જાણીને અંતર્મુખ થઈને શુદ્ધ પર્યાયરૂપે પ્રવર્ત્યો, એટલે કે સ્વઘરમાં આવ્યો, સ્વસમયરૂપ થયો.

શ્રી આચાર્યદેવ કહે છે કે સુણ...હે જીવ! તું તારા સ્વભાવની આ વાત પરમ પ્રેમથી સાંભળ! તારા ઉપયોગને જાગૃત રાખીને આ અપૂર્વ વાત તું સાંભળ...એટલે કે ઉપયોગનું લક્ષ બીજેથી હટાવીને આત્માની સમજણમાં જોડ. તારી ચૈતન્યખાણમાં આનંદ ભર્યો છે. અનાદિથી નિજસ્વરૂપને ભૂલીને અશુદ્ધપણે પરિણમ્યો હતો પણ જ્યાં ભાન થયું ત્યાં અશુદ્ધતા ટળીને શુદ્ધતાપણે આત્મા પ્રગટ થયો. વસ્તુ પરિણામી છે, તે અશુદ્ધતામાંથી શુદ્ધતારૂપે પલટે છે એટલે કે પરિણમે છે. જો પરિણમન ન હોય તો દુઃખ મટીને સુખ થાય નહિ, અશુદ્ધતા છૂટીને શુદ્ધતા થાય નહિ. નિત્ય રહીને વસ્તુ પરિણમે છે.

ભાઈ, દેહમંદિરમાં ચૈતન્યદેવ બિરાજે છે....અંતર્મુખ થઈને તેનો અનુભવ કરતાં શક્તિમાંથી શુદ્ધતા વ્યક્ત થાય છે. ત્યાં મિથ્યાત્વાદિ અશુદ્ધપરિણતિનો નાશ થયો ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો એટલે શુદ્ધરત્નત્રય પ્રગટ થયા. આત્મા પોતે પોતાના ચૈતન્યબાગમાં આનંદ–ક્રીડા કરવા લાગ્યો.– આત્મામાં આવું પરિણમન પ્રગટયું તે અપૂર્વ મંગળ છે, તે ચૈતન્ય ઘરમાં સાચું વાસ્તુ છે....ધર્માત્મા મોક્ષમાર્ગમાં કેલિ કરે છે.

**ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન;**
**કેલિ કરૈં શિવમારગમેં જગમાંહિં જિનેશ્વરકે લઘુનંદન.**

ભાઈ, તું ભેદજ્ઞાનવડે શુદ્ધચૈતન્યને રાગથી જાુદું પાડતાં શીખ. તને ભેદજ્ઞાન વગર સંસારમાં ભમતાં ઘણોકાળ વીત્યો....હવે તો નિજસ્વરૂપને ઓળખીને તેમાં વસ. તારું ઘર તો ચૈતન્યમય છે. જેમાં સુખ હોય તે તારું ઘર હોયને? સુખ તો તારા ચૈતન્યઘરમાં છે, તેમાં વસ. પત્થરનું ઘર તારું નહિ, રાગ પણ તારું ઘર નહિ, તારું ઘર તારું રહેઠાણ તો ચૈતન્યમય છે. આવા સ્વઘરમાં તું કદી આવ્યો નહિ.–

**હમ તો કબહૂં ન નિજઘર આયે,...હમ તો કબહૂં**
**પરઘર ભ્રમત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે...**

આ સન્તો તને તારું સ્વઘર ચૈતન્યધામ બતાવે છે, તેમાં તું વસ. આ સ્વઘરનુ સાચું વાસ્તુ છે. તત્ત્વજ્ઞાન થતાં શું થાય? કેવી આત્મદશા થાય? તે બતાવતાં પં. બનારસીદાસજી ( આ ૩૧ માં કળશ ઉપર ) કહે છે કે–

**તત્ત્વકી પ્રતીતિસોં લખ્યો હૈ નિજ-પર ગુન,**
**દગ-જ્ઞાન-ચરન ત્રિવિધિ પરિનયો હૈ।**

**વિસદ વિવેક આયો, અચ્છો વિસરામ પાયો,**
**આપુહીમેં આપનો સહારો સોધિ લિયો હૈ.।**
**કહત બનારસી ગહત પુરુષારથકો,**
**સહજ સુભાવસોં વિભાવ મિટિ ગયો હૈ.**
**પન્ના કે પકાયેં જૈસે કંચન વિમલ હોત,**
**તૈસે શુદ્ધ ચેતન પ્રકાશરૂપ ભયો હૈ.।।**

ચોથા ગુણસ્થાને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં આવી દશા પ્રગટે છે; ત્યાંથી જ રત્નત્રય શરૂ થઈ જાય છે. શુદ્ધાત્માની અનુભૂતિમાં રત્નત્રય સમાય છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'–એટલે સમ્યક્ત્વ થતાં અનુભૂતિમાં સર્વે ગુણોની શુદ્ધિનો અંશ પ્રગટે છે, જ્ઞાનાદિ સર્વ ગુણો એકદેશ પ્રગટ થાય છે. આવા સમ્યક્ત્વના મહિમાની જગતને ખબર નથી. ચોથા ગુણસ્થાનેય નિર્વિકલ્પદશા હોય છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ હોય છે, સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે, અતીન્દ્રિય સ્વસન્મુખ મતિશ્રુત હોય છે.–પણ તે વાત અજ્ઞાનીને સમજાતી નથી. અહીં સમ્યક્ત્વ થતાં આત્મામાં કેવી શુદ્ધિ પ્રગટે છે તે બતાવ્યું છે. શુદ્ધસ્વરૂપના અનુભવમાં રત્નત્રય સમાય છે, તેમાં ચૈતન્યની પરમ શાંતિની ભરમાર છે ને તેને સમજતાં બેડો પાર છે.

– * –

* ખેડબ્રહ્માથી બાલવિભાગના સભ્ય લખે છે કે અહીં એક ઘર હોવા છતાં અમે પ્રાંતિજથી પ્રતિમાજી લાવ્યા છીએ ને પર્યુષણ ઉત્સાહથી ઉજવ્યા છે. આત્મધર્મમાં બહુ રસ પડે છે.

* પર્યુષણપર્વ ઠેર ઠેર આનંદથી ઉજવાયા છે. જામનગર, ખેરાગઢ, મુંબઈ, મોરબી, વાંકાનેર, અમદાવાદ, ઘાટકોપર, ચોરીવાડ વગેરેથી પર્યુષણપર્વ આનંદથી ઉજવાયાના સમાચારો આવ્યા છે. તથા રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરેના અનેક શહેરોથી પણ પર્યુષણપર્વ સાનંદ ઉજવાયાના સમાચારો આવ્યા છે.

* હિંમતનગરમાં ઓકટોબર તા. ૫ થી ૧૦ સુધી જૈનધર્મનો શિક્ષણવર્ગ ચાલ્યો. તથા આસો સુદ દસમ (તા. ૧૩) ના રોજ ત્યાં જૈન સ્વાધ્યાય મંદિરનું શિલાન્યાસ દહેગામવાળા ભીખાલાલભાઈ તથા તેમના સુપુત્ર હીરાભાઈના સુહસ્તે થયું છે. હિંમતનગર મુમુક્ષુમંડળને ઘણો ઉત્સાહ છે.


## વૈરાગ્ય સમાચારઃ–

રાજકોટના શેઠશ્રી મોહનલાલ કાનજીભાઈ ઘીયાના સુપુત્ર ભાઈશ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયા તા. ૪–૧૦–૬૭ આસો સુદ એકમ ને બુધવારની રાત્રે સ્વર્ગવાસ પામ્યા. સ્વર્ગવાસ પહેલાંના બીજા રવિવારે તો તેઓ રાજકોટથી સોનગઢ આવેલા; ત્યાર પછી શુક્રવારે રાજકોટની મિટિંગના કામકાજમાં તેઓએ ઠેઠ સુધી ભાગ લીધો; મિટિંગ પૂરી થયા પછી ઊભા થતાં એકાએક પક્ષઘાતની અસર દેખાણી, હેમરેજ પણ થયું ને બેશુદ્ધ થઈ ગયા. ચિંતાજનક પરિસ્થિતિ જણાતાં ગુરુદેવને દર્શન દેવા રાજકોટ તેડાવ્યા. રવિવાર (તા. ૧) ના રોજ ગુરુદેવ રાજકોટ પધાર્યા........ગુરુદેવ પધારતાં તેમના કુટુંબને, ખાસ કરીને મોહનભાઈને ઘણું આશ્વાસન ને હિંમત મળ્યા. તથા પ્રભુલાલભાઈને પણ થોડી વાર માટે જરાક શુદ્ધિ દેખાણી; હાથની ચેષ્ટા ને આંખમાં આંસુ દ્વારા તેમણે પોતાના ભાવ વ્યક્ત કર્યા. આ પ્રસંગે તેમના તરફથી સાહિત્યપ્રકાશન માટે રૂા. ૫૦૦૧/– પાંચ હજાર ને એક અર્પણ કરવામાં આવ્યા. ત્યાર પછી ચાર દિવસ સુધી જીવન–મરણના સંગ્રામ જેવી પરિસ્થિતિમાં વીત્યા ને અંતે બુધવારે રાત્રે તેમનો સ્વર્ગવાસ થયો. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો, ને અવારનવાર તેઓ ખૂબ લાભ લેતા; રાજકોટ મુમુક્ષુ મંડળના તેઓ એક ઉત્સાહી કાર્યકર્તા હતા, રાજકોટના સમવસરણની રચનાનું કાર્ય તેમણે ઘણા ઉત્સાહથી સંભાળ્યું હતું. આ વર્ષની તીર્થયાત્રામાં ફાગણ સુદ સાતમે બયાનામાં સીમંધર– ભગવાનનો જે અભિષેક થયો તેમાં પહેલા કળશની ઊછામણી તેઓએ ઉત્સાહથી લીધી હતી ને ગુરુદેવના હાથે અભિષેક કરાવ્યો હતો. તેમનો આત્મા પોતાના ધાર્મિક સંસ્કારોમાં અને દેવગુરુધર્મની ભક્તિમાં આગળ વધીને આત્મહિત સાધે–એ જ ભાવના.

* જામનગરના ભાઈશ્રી નથુભાઈ પરસોતમના સુપુત્ર શ્રી કાન્તિલાલ નથુભાઈ તા. ૨૧–૯–૬૭ ના રોજ બપોરે જામનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો ને અવારનવાર તેઓ સત્સંગનો લાભ લેતા હતા. તબીયતને કારણે તેઓ મુંબઈથી જામનગર આવેલા. છેલ્લે દિવસે સવારે તેમને લાગેલું કે હવે આ દેહનો ભરોસો નથી. તેથી પૂ. ગુરુદેવનું તેમજ પૂ. બેનશ્રીબેનનું સ્મરણ કરીને સ્વાધ્યાયમાં મન જોડયું હતું. ધાર્મિક સંસ્કારોમાં આગળ વધી વીતરાગશાસનની છાયામાં તેઓ આત્મહિત પામો–એ જ ભાવના. (બ્ર. અમુભાઈના તેઓ મોટો ભાઈ હતા.)

* રાણપુરના ડો. પોપટલાલ ડુંગરશી તા. ૧૦–૧૦–૬૭ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામી ગયા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો. દેવ–ગુરુ–ધર્મના શરણે તેમનો આત્મા આત્મહિત પામે...એ જ ભાવના.

* આ સિવાયના કોઈક વૈરાગ્યસમાચાર બાકી રહી ગયાનો સંદેહ છે; તો તે ફરી લખી મોકલવા વિનંતિ છે.



पूर्व विदेहके तीर्थकर्ता जीवन्तस्वामी श्री सीमंधरस्वामी

प्रतिष्ठा संवत् १५०७ बयाना (भरतपुर-राजस्थान)

આ વર્ષની ફાગણ સુદ સાતમે પૂ. ગુરુદેવે જેમનો પવિત્ર અભિષેક કર્યો અને જેમના ચરણસમીપે અનેક આનંદકારી ઘટનાઓ પ્રસિદ્ધિમાં મુકી........આ વર્ષની એ આનંદકારી ઘટના મુમુક્ષુહૃદયમાં ચિરંજીવી બની રહેશે.

# હે જીવ ! પ્રમાદ છોડી જાગૃત થા........જાગૃત થા.

(આસો સુદ બીજના વૈરાગ્યભીના પ્રવચનમાંથી)

* રે જીવ ! મરણ જેટલી પ્રતિકૂળતા આવે તોપણ તું તારા આત્માનો અનુભવ કર...સ્વરૂપને જોવા માટે કુતૂહલ કર એટલે કે તીવ્ર જિજ્ઞાસા કર. શુદ્ધ ચૈતન્યને દેખતાં તને આનંદ થશે. આ દેહ તો સંયોગરૂપ છે, ક્ષણમાં તેનો વિયોગ થઈ જશે; અત્યારે પણ તે જુદો જ છે. માટે તેનો મોહ છોડી ચૈતન્યતત્ત્વ જ પરમ ઉપાદેય છે. અત્યંત દ્રઢપણે ભેદજ્ઞાનનો ઉદ્યમ કરીને આત્માને અનુભવમાં લે.

* અરે ક્યાં ચેતનમૂર્તિ આત્મા ! ને ક્યાં આ જડ શરીર ! બંનેને કાંઈ લાગતું વળગતું નથી, જરાપણ એકતા નથી. દેહથી તદ્દન જુદો એવો આત્માનો ચૈતન્યવિલાસ અનુભવમાં લેતાં જ તારો મોહ છૂટી જશે, શરીર મારું–એવી મિથ્યાબુદ્ધિ મટી જશે.

* ભાઈ, શરીર તો તારામાં કદી છે જ નહિ; તું તો ચૈતન્ય છો. ચૈતન્યનો અનુભવ આનંદરૂપ છે; તેમાં મોહ નથી, રાગ નથી. આવા તારા ચૈતન્યની શુદ્ધિને ભૂલીને તું દેહની મમતામાં બેશુદ્ધ થઈ રહ્યો છે !–પણ એકવાર તો સર્વ ઉદ્યમથી તારા ભિન્ન ચૈતન્યને દેખ...આત્માને ભવની મૂર્તિ એવા દેહથી જુદો અનુભવમાં લે. એને અંતરમાં દેખતાં જ તારા મિથ્યાત્વનો નાશ થઈ જશે, ને અપૂર્વ સમ્યક્ત્વ થશે. તારા અંતરમાં તને ચૈતન્યના પત્તા લાગશે.

* મિથ્યાત્વ કઈ રીતે મટે છે? તો કહે છે કે, પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુને સ્વસંવેદન પ્રત્યક્ષવડે અનુભવમાં લેતાં મિથ્યાત્વ જરૂર મટે છે, ને સમ્યગ્દર્શન થાય છે, આનંદનો અનુભવ થાય છે.

* ભાઈ, આ શરીર છે તે તો જડરૂપે રહ્યું છે, તે કાંઈ તારારૂપે થઈને રહ્યું નથી, એટલે તે તું નથી. તું તો એનાથી સાવ જુદો ચૈતન્યરૂપ છો...દેહથી ભિન્ન એવા તારા નિજરૂપને જોવાની તું જિજ્ઞાસા કર. તીવ્ર જિજ્ઞાસા કરીને તું તારા આત્માને અનુભવમાં લે.

* મુમુક્ષુએ આ અસારસંસારથી વિરક્ત થઈને શીઘ્ર આત્માનો અનુભવ કરવા જેવું છે. જો એ અનુભવ ન કર્યો તો આ મનુષ્યભવ મળ્યો તે ન મળ્યા જેવું છે, મનુષ્યપણું તો વીજળીના ઝબકારા જેવું છે, તેમાં સત્સંગ પામીને આત્માનો અનુભવ કરી લેવો–એ જ કરવાનું છે, બાકી બીજું કાંઈ કરવા જેવું છે જ નહિ. માટે–

**હે જીવ ! પ્રમાદ છોડી જાગૃત થા...જાગૃત થા.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૪૦૦)